# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન- જૂનાગઢ

નિર્મિત

## રાષ્ટ્રીય સર્વેક્ષણ

# પરખ

# પ્રશ્નબેંક

વર્ષ: 2026-27



## ધોરણ- 4

# PARAKH Rashtriya Sarvekshan 2024

## શિક્ષણની ગુણવત્તા તરફ આગળ વધતો

# જૂનાગઢ જિલ્લો




## PARAKH REPORT CARD 2024 ANALYSIS – JUNAGADH DISTRICT

### ધોરણ 3
FOUNDATION STAGE

જૂનાગઢનો રેન્ક: રેન્ક 19 (54%)

#### ધોરણ ત્રણ નું વિષયવાર પરિણામ

| વિષય | રાજ્ય સરેરાશ | જૂનાગઢ જિલ્લો | તફાવત |
|---|---|---|---|
| ભાષા (Language) | 57% | 58% | ↑ +1% |
| ગણિત (Maths) | 52% | 50% | ↓ -2% |
| એકંદર સરેરાશ | 54% | 54% | 0% |

**મુખ્ય તારણ:**
ભાષામાં રાજ્ય કરતાં 1% વધુ,
ગણિતમાં 2% ઓછું.
એકંદર સરેરાશ રાજ્ય જેટલું જ (54%).

### ધોરણ 6
PREPARATORY STAGE

જૂનાગઢનો રેન્ક: 3 (49%)

#### ધોરણ 6 નું વિષયવાર પરિણામ

| વિષય | રાજ્ય સરેરાશ | જૂનાગઢ જિલ્લો | તફાવત |
|---|---|---|---|
| ભાષા (Language) | 51% | 55% | ↑ +4% |
| ગણિત (Maths) | 40% | 44% | ↑ +4% |
| આપણી આસપાસની દુનિયા (The World Around Us) | 45% | 48% | ↑ +3% |
| એકંદર સરેરાશ | 45% | 49% | ↑ +4% |

**મુખ્ય તારણ:**
ત્રણેય વિષયોમાં જૂનાગઢ જિલ્લો રાજ્યના સરેરાશ કરતાં આગળ.
એકંદર સરેરાશ રાજ્ય કરતાં 4% વધુ.

## એક નજરે સરખામણી



| ધોરણ | રાજ્ય સરેરાશ | જૂનાગઢ સરેરાશ | સ્થિતિ |
|---|---|---|---|
| ધોરણ 3 | 54% | 54% | સમાન = |
| ધોરણ 6 | 45% | 49% | જૂનાગઢ +4% ↑ |



**સાથે મળીને ગુણવત્તાયુક્ત શિક્ષણ તરફ આગળ વધીએ,**
**દરેક બાળકને ઉત્તમ ભવિષ્ય આપીએ.**

## પ્રેરક

**ડૉ.આશાબેન રાજ્યગુરુ - પ્રાચાર્ય**

## માર્ગદર્શક

**કંચનબેન ભૂત - સિનીયર લેક્ચરર**
**ભરતભાઇ મેસિયા - લેક્ચરર**
**કાશ્મીરાબેન ભટ્ટ - લેક્ચરર**
**મોનિકાબેન ગોસ્વામી -લેક્ચરર**
**દેવાંગભાઈ જોશી - સંશોધન સહાયક**

## ગુજરાતી વિષય કન્વીનર

**મેઘનાથી પરેશગિરિ**
**વિસણવેલ પ્રા.શાળા, તા. માળીયા**

## ગણિત વિષય કન્વીનર

**મારવણિયા કૃણાલકુમાર**
**પી.એમ.શ્રી શાળા શાપુર, તા.વંથલી**

## પર્યાવરણ વિષય કન્વીનર

**ભટ્ટ ભરતકુમાર**
**બોડકા પ્રા.શાળા, તા. વંથલી**

## લેખન અને સમીક્ષા

### ગુજરાતી

**મેસવાણીયા હાર્દિકભાઇ**
મોટા હડમતીયા પ્રાથમિક શાળા, તા. વિસાવદર
**મેવડા સંધ્યાબેન**
દાતાર મંઝિલ સીમશાળા, તા. માંગરોળ

### ગણિત

**વાળા બહાદુરસિંહ**
CRC- મેંદરડા
**જાદવ હર્ષદભાઈ**
રાતડા સીમ પ્રા. શાળા, તા. માંગરોળ

### પર્યાવણ

**ખેર વનીતાબેન**
સરદારગઢ પે. સેન્ટર શાળા, તા. માણાવદર
**ચાવડા કિર્તીબેન**
CRC- જુનાગઢ ગ્રામ્ય


પ્રિય શિક્ષકમિત્રો

ગુણવત્તાયુક્ત શિક્ષણ એ સમૃદ્ધ અને સશક્ત રાષ્ટ્રના નિર્માણનો આધારસ્તંભ છે. પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓમાં ભાષા, ગણિત અને પર્યાવરણીય અભ્યાસની પાયાની સમજ સાથે તાર્કિક વિચારશક્તિ, સમસ્યા ઉકેલાની ક્ષમતા તથા જીવનોપયોગી કૌશલ્યોનો વિકાસ થાય તે આજના શિક્ષણની અનિવાર્ય આવશ્યકતા છે.

રાષ્ટ્રીય સર્વેક્ષણ **પરખ**ના અનુસંધાને ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓની અધ્યયન નિષ્પત્તિઓનું અસરકારક મૂલ્યાંકન થઈ શકે અને તેઓ આત્મવિશ્વાસપૂર્વક સર્વેક્ષણમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરે તે હેતુથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ દ્વારા આ વિશેષ **પ્રશ્નબેંક** તૈયાર કરવામાં આવી છે.

આ પ્રશ્નબેંક માત્ર મૂલ્યાંકનનું સાધન નથી, પરંતુ વર્ગખંડમાં નિયમિત મહાવરા, પુનરાવર્તન અને નિદાનાત્મક મૂલ્યાંકન માટેનું એક અસરકારક પથદર્શક પણ છે. મને વિશ્વાસ છે કે તમામ શિક્ષકમિત્રો તેનો સર્જનાત્મક અને અસરકારક ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને વધુ સક્ષમ બનાવશે.

આ પ્રશ્નબેંકના નિર્માણમાં નિષ્ઠાપૂર્વક યોગદાન આપનાર DIETના તમામ વ્યાખ્યાતાશ્રીઓ, વિષય નિષ્ણાતો, લેખકવૃંદ તેમજ આયોજન સાથે જોડાયેલા તમામ સહયોગીઓનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. તેમના સમર્પણ અને પરિશ્રમના પરિણામે શિક્ષકો અને વિદ્યાર્થીઓને એક ઉપયોગી શૈક્ષણિક **પ્રશ્નબેંક** પ્રાપ્ત થઈ છે.

આવો, સૌ સાથે મળીને ગુણવત્તાસભર શિક્ષણના ધ્યેયને સાકાર કરીએ અને આપણા જિલ્લાના દરેક વિદ્યાર્થીને રાષ્ટ્રીય સર્વેક્ષણમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે સજ્જ બનાવીએ. એ જ આપણા સૌના સંયુક્ત પ્રયાસોની સાચી સફળતા ગણાશે.

**ડો. આશાબેન રાજ્યગુરુ, પ્રાચાર્ય**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,જૂનાગઢ**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાનાં નબર |
|---|---|---|
| 1. | ભાષા | 1 to 26 |
| 2. | ભાષા- Answer Key | 26 to 30 |
| 3. | ગણિત | 31 to 55 |
| 4. | ગણિત- Answer Key | 55 to 58 |
| 5. | પર્યાવરણ | 59 to 81 |
| 6. | પર્યાવરણ- Answer Key | 82 to 90 |

# ભાષા

## ૧. પ્રામાણિક રામુ

એક નાનું ગામ હતું. તેમાં રામુ નામનો એક ગરીબ છોકરો રહેતો હતો. રામુ દરરોજ જંગલમાં લાકડાં કાપવા જતો. એક દિવસ લાકડાં કાપતાં તેની કુહાડી નદીમાં પડી ગઈ. રામુ ઉદાસ થઈને નદી કિનારે બેસી ગયો અને રડવા લાગ્યો. તેની અશ્રુધારા જોઈને નદીમાંથી જળદેવતા પ્રગટ થયા. જળદેવતાએ તેને સોનાની અને ચાંદીની કુહાડી બતાવી, પણ રામુએ પ્રામાણિકતાથી કહ્યું, "આ મારી કુહાડી નથી." પછી દેવતાએ તેને લોખંડની કુહાડી આપી. રામુની પ્રામાણિકતા જોઈ જળદેવતા પ્રસન્ન થયા અને તેમણે ત્રણેય કુહાડી રામુને ઈનામમાં આપી દીધી.

પ્રશ્નો

1. રામુ તેનું જીવનનિર્વાહ કરવા માટે શું કરતો?

   (A) પશુપાલન કરતો (B)માછીમારી કરતો

   (C)લાકડાં કાપતો (D)સુથારીકામ કરતો

2. કુહાડી નદીમાં પડતા રામુ શું કરવા લાગ્યો?

   (A) બૂમ પાડવા લાગ્યો (B)રડવા લાગ્યો

   (C)પાછો તેના ગામ તરફ વળ્યો (D)ઝાડ પર ચડી ગયો

3. કુહાડી કયા વ્યવસાયકારનું સાધન છે?

   (A) કઠિયારો (B)વકીલ

   (C)ખેડૂત (D)કુંભાર

4. આ વાર્તા પરથી આપણે સૌએ કયો ગુણ અપનાવવો જોઈએ?

   (A) ભ્રષ્ટાચાર (B)છેતરપિંડી

   (C)કપટ (D)પ્રામાણિકતા

## ૨. મોર – આપણું રાષ્ટ્રીય પક્ષી

મોર ભારતનું રાષ્ટ્રીય પક્ષી છે. તે ખૂબ જ સુંદર અને રંગબેરંગી હોય છે. મોરના માથા પર સુંદર કલગી હોય છે. તેના પીંછા લાંબા, ચળકતા અને આંખ જેવા ટપકાંવાળા હોય છે. જ્યારે આકાશમાં કાળાડિબાંગ વાદળો ઘેરાય છે, ત્યારે મોર ટહુકા કરીને નાચવા લાગે છે. મોરના નૃત્યને 'કળા કરી' કહેવાય છે. મોર સાપનો દુશ્મન ગણાય છે. મોરને બાળકો ખૂબ જ વહાલથી જુએ છે અને તેનાં પીંછા પોતાની પુસ્તકોમાં સાચવીને રાખે છે.

1. મોર કયા દેશનું રાષ્ટ્રીય પક્ષી છે?

(A) પાકિસ્તાન (B)ભારત (C)બાંગ્લાદેશ (D)ચીન

2. મોરના પીંછા કેવા હોય છે?

(A) ટૂંકા (B)જાડા (C)લાંબા (D)પાતળા

3. સાપનો દુશ્મન કોણ છે?

(A) ચકલી (B)પોપટ (C)મેના (D)મોર

4. મોરનો સમાનાર્થી શબ્દ જણાવો.

(A) હંસ (B)ગરુડ (C)મયૂર (D)કબૂતર

## 3. સોનેરી સૂર્યોદય

સવારનો સમય ખૂબ જ સુંદર અને આહલાદક હોય છે. પૂર્વ દિશામાં સૂર્ય ઊગે છે ત્યારે આકાશ લાલ અને સોનેરી રંગથી રંગાઈ જાય છે. પંખીઓ પોતાના માળામાંથી બહાર આવીને મીઠા ટહુકા કરવા લાગે છે. સવારની તાજી અને શુદ્ધ હવામાં ચાલવાથી શરીરને તાજગી મળે છે. ખેડૂતો પોતાના ખેતરે જવા નીકળે છે અને ગામડાંઓમાં ચહલપહલ શરૂ થઈ જાય છે. પ્રભાતનો સમય નવી આશા અને ઉત્સાહ લઈને આવે છે.

1. સૂર્ય કઈ દિશામાં ઊગે છે?

(A) પશ્ચિમ (B)ઉત્તર (C)પૂર્વ (D)દક્ષિણ

2. પંખીઓના રહેઠાણને શું કહે છે?

(A) માળો (B)ઘર

(C)ગુફા (D)બખોલ

3. પ્રભાત શબ્દનો સમાનાર્થી જણાવો.

(A) સાંજ (B)રાત

(C)સવાર (D)બપોર

4. કયા સમયે ચાલવાથી આપણું શરીર સ્વસ્થ રહે છે?

(A) સાંજ (B)રાત

(C)સવાર (D)બપોર

## ૪. ગિરનાર પર્વત

ગિરનાર ગુજરાતનો સૌથી ઊંચો પર્વત છે. તે જુનાગઢ જિલ્લામાં આવેલો છે. ગિરનાર પર્વત પર હજારો પગથિયાં આવેલા છે, જે ચડીને લોકો શિખર સુધી પહોંચે છે. ગિરનારના જંગલોમાં એશિયાઈ સિંહ રહે છે. હવે તો ગિરનાર પર રોપ-વે (ઉડનનટોલો) ની સુવિધા પણ ઉપલબ્ધ છે, જેનાથી ખૂબ જ ઓછા સમયમાં પર્વત પર પહોંચી શકાય છે. ગિરનારની લીલી પરિક્રમામાં દર વર્ષે લાખો ભક્તો શ્રદ્ધાથી આવે છે.

પ્રશ્નો

1. ગુજરાતનો સૌથી ઊંચો પર્વત કયો છે?

(A) પાવાગઢ (B)ચોટીલા

(C)ગિરનાર (D)શેત્રુંજય

2. ઓછા સમયમાં પર્વત પર પહોંચવા માટે કઈ સુવિધા છે?

(A) લિફ્ટ (B)હેલિકોપ્ટર

(C)રોપ-વે (D)ટ્રેન

3. પર્વતનો આકાર કયા ભૌમિતિક આકારને સમાન હોય છે?

(A) ચોરસ (B)ત્રિકોણ

(C)લંબચોરસ (D)ગોળ

4. 'ઊંચો' શબ્દનો વિરોધી શબ્દ જણાવો.

(A) નીચો (B)પહોળો

(C)લાંબો (D)મોટા

5. આપેલ ફકરામાં એક પ્રાણીનો ઉલ્લેખ છે તેનું નામ જણાવો.

(A) વાઘ (B)ચીતો

(C)સિંહ (D)હાથી

## ૫. રોબોટ અને રોહન

રોહનના પપ્પા તેના જન્મદિવસ પર એક નાનો રમકડાનો 'સ્માર્ટ રોબોટ' લાવ્યા. આ રોબોટ ફક્ત આપેલા આદેશ પ્રમાણે જ કામ કરતો હતો. રોહને તેને ઘરનું બધું કામ સોંપવાનું શરૂ કર્યું—પોતાનું દફતર ગોઠવવું, પગરખાં સાફ કરવાં અને રમકડાં મૂકવાં. થોડા દિવસો પછી રોહન ખૂબ આળસુ બની ગયો. એક દિવસ રોબોટની બેટરી પૂરી થઈ ગઈ અને તે બંધ પડી ગયો. રોહનની શાળાની બસ આવી ગઈ હતી, પણ તેનું દફતર ગોઠવાયેલું નહોતું. રોહનને ખબર પડી કે ટેકનોલોજી આપણી મદદ માટે છે, આપણા કામ સ્વયં કરવાની ટેવ છોડાવવા માટે નથી.

1. રોબોટ આવ્યા પછી રોહનના સ્વભાવમાં કયો નકારાત્મક બદલાવ આવ્યો?

(A) તે ગુસ્સાવાળો બની ગયો.

(B)તે પોતાના કામ માટે બીજા પર નિર્ભર રહીને આળસુ બની ગયો.

(C)તે શાળાએ જવાનું ભૂલી ગયો.

(D)તે પોતાના પપ્પા સાથે ઝઘડો કરવા લાગ્યો.

2. રોબોટની બેટરી બંધ થવાથી રોહનને શું મુશ્કેલી પડી?

(A) રોબોટ તૂટી ગયો.

(B)તેનું દફતર તૈયાર ન હોવાથી બસ ચૂકવાનો ડર લાગ્યો.

(C)તેના પપ્પા તેના પર ગુસ્સે થયા.

(D)તેને નવો રોબોટ ખરીદવો પડ્યો.

3. આ વાર્તા પરથી ટેકનોલોજી અને માનવજીવન વિશે શું શીખવા મળે?

(A) આપણે ટેકનોલોજીનો ઉપયોગ બિલકુલ ન કરવો જોઈએ.

(B)બધું જ કામ રોબોટ પાસે જ કરાવવું જોઈએ.

(C)ટેકનોલોજી સુવિધા માટે છે, પણ આપણે પોતાના રોજિંદા કામ કરવાની ટેવ જાળવી રાખવી જોઈએ.

(D)રમકડાં હંમેશા બેટરી વગરના જ ખરીદવા જોઈએ.

4. જો રોહને રોબોટનો ઉપયોગ માત્ર મનોરંજન માટે કર્યો હોત તો શું થાત?

(A) આળસુ બન્યો ન હોત અને સમયસર કામ જાતે કરત.

(B)રોબોટ જલ્દી બગડી જાત.

(C)તે પરીક્ષામાં નાપાસ થાત.

(D)તે રમકડાંથી કંટાળી જાત.

5. 'આદેશ' શબ્દનો સમાનાર્થી જણાવો.

(A) વિનંતી (B)હુકમ

(C)સલાહ (D)પ્રશ્ન

## ૬. પક્ષીઓનું આશ્રયસ્થાન અને વૃક્ષનું મહત્વ

સુરેશભાઈના ઘરના આંગણામાં એક જૂનું લીમડાનું ઝાડ હતું ચોમાસાની ઋતુ નજીક . હતી ત્યારે સુરેશભાઈએ વિચાર્યું કે આ લીમડાની ડાળીઓ કાપી નાખીએ તો આંગણામાં વધુ જેવા તેઓ ડાળી કાપવા ગયા કે તુરંત .તેઓ કુહાડી લઈને ઝાડ પાસે ગયા .તડકો આવે તેમની નજર ડાળી પર રહેલા માળા પર પડી, જેમાં ત્રણ નાનાં પક્ષીના ઈંડાં હતાં સુરેશભાઈ . તેમણે વિચાર્યું કે જો હું આ ડાળી કાપી નાખીશ તો ઈંડાં નીચે .ક્ષણભર માટે રોકાઈ ગયા તેમણે કુહાડી બાજુ પર મૂકી દીધી અને ઝાડ ન .પડીને ફૂટી જશે અને પક્ષીઓ બેઘર થઈ જશે થોડા દિવસો પછી ઈંડાંમાંથી બચ્ચાં બહાર આવ્.કાપવાનો નિર્ણય કર્યોયા અને આંગણામાં પક્ષીઓનો મધુર કલરવ ગૂંજવા લાગ્યો.

**1. સુરેશભાઈ શરૂઆતમાં લીમડાની ડાળીઓ કેમ કાપવા માગતા હતા?**

(A) તેમને લાકડાં વેચવાં હતાં.

(B)તેઓ આંગણામાં વધુ તડકો લાવવા માગતા હતા.

(C)તેમને ઝાડ ગમતું નહોતું.

(D)પક્ષીઓ બહુ અવાજ કરતા હતા.

**2. કુહાડી હાથમાં હોવા છતાં સુરેશભાઈ કેમ રોકાઈ ગયા?**

(A) તેઓ થાકી ગયા હતા.

(B)ઈંડાં જોઈને તેમના મનમાં જીવદયા અને સંવેદના જાગી.

(C)કુહાડી તૂટી ગઈ હતી.

(D)વરસાદ શરૂ થઈ ગયો હતો.

**3. જો સુરેશભાઈએ પોતાનો નિર્ણય ન બદલ્યો હોત તો શું નુકસાન થયું હોત?**

(A) ઘરનું આંગણું ગંદુ થઈ જાત.

(B)ઈંડાં નાશ પામત અને અબોલ પક્ષીઓનો આશ્રય છીનવાઈ જાત.

(C)સુરેશભાઈને તડકો ન મળત.

(D)લીમડો સુકાઈ જાત.

4. **"આંગણામાં મધુર કલરવ ગૂંજવા લાગ્યોઆ વાક્ય શું સૂચવે છે "?**

(A) આંગણામાં શાંતિ છવાઈ ગઈ.

(B)પક્ષીઓ ઝઘડી રહ્યા હતા.

(C)પક્ષીઓ ભૂખ્યા હતા.

(D)પ્રકૃતિ અને પક્ષીઓના કારણે ઘરનું વાતાવરણ આનંદમય બની ગયું.

5. **આ વાર્તા આપણને પ્રકૃતિ વિશે શું શીખવે છે?**

(A) પોતાની સુવિધા માટે વૃક્ષો કાપી નાખવાં જોઈએ.

(B)પક્ષીઓના માળા ઘરની અંદર બનાવવા જોઈએ.

(C)વૃક્ષો માત્ર આપણને છાંયડો નથી આપતા, પણ અન્ય જીવોનું ઘર પણ છે, તેથી તેનું જતન કરવું જોઈએ.

(D)ચોમાસામાં વૃક્ષો વાવવાં ન જોઈએ.

## ૭. નમે તે સૌને ગમે

નદી કિનારે એક ઊંચું તાડનું ઝાડ હતું. ઝાડ મજબૂત હતું. આ ઝાડની આસપાસ નાના-નાના છોડ ઉગેલા હતા, જે કોઈ પણ પગ મૂકે તો પણ કચડાઈ જાય તેવા કોમળ હતા અને થોડો પવન વાય તોય વળી જાય. ચોમાસાની ઋતુ આવી. આકાશમાં વાદળા છવાઈ ગયાં અને છતે દિવસે રાત જેવું લાગવા માંડ્યું. પવન જોર-જોરથી ફૂંકાવા લાગ્યો. વાવાઝોડું ત્રાટકે એવું લાગતું હતું. પવનની ગતિ વધવા લાગી, વાવાઝોડું એટલું જોરદાર હતું કે ઊંચું અને મજબૂત તાડનું ઝાડ અડધેથી તૂટી ગયું. તાડે જોયું કે છોડ તો જેવા હતા તેવા ને તેવા જ હતા. તાડે આશ્ચર્યથી છોડને પૂછયું, આટલા ભયંકર વાવાઝોડામાંય તમે કેવી રીતે બચી ગયા ? છોડે નમ્રતાથી જવાબ આપ્યો. તમે અક્કડ ઊભા રહ્યા અને પવનની ગતિ સાથે ન નમ્યા એટલે તૂટી પડ્યા અને અમે પવનની ગતિ જોઈને નમી ગયા એટલે બચી ગયા.'

પ્ર.1. જો તાડના ઝાડે નાના છોડની જેમ પરિસ્થિતિ મુજબ પોતાનું વર્તન બદલ્યું હોત, તો સૌથી સંભવિત પરિણામ કયું હોત?

(A) તાડનું ઝાડ વધુ ઊંચું બન્યું હોત.

(B) નાના છોડ તૂટી ગયા હોત.

(C) તાડનું ઝાડ વાવાઝોડામાં બચી ગયું હોત.

(D) વાવાઝોડું વહેલું અટકી ગયું હોત.

પ્ર.2 આ વાર્તામાં નાના છોડ કયા ગુણનું સૌથી સારું ઉદાહરણ આપે છે?

(A) અહંકાર

(B) સમયને અનુરૂપ નિર્ણય લેવાની સમજ

(C) બીજાથી દૂર રહેવાની ટેવ

(D) માત્ર શક્તિ પર વિશ્વાસ

પ્ર.3. જો કોઈ વ્યક્તિ દરેક પરિસ્થિતિમાં પોતાની જ વાત પર અડગ રહે, તો આ વાર્તા મુજબ તેનું શું થઈ શકે?

(A) દરેક વ્યક્તિ તેની પ્રશંસા કરશે.

(B) લોકો તેની વાત માની લેશે.

(C) તે હંમેશા સફળ જ થશે.

(D) મુશ્કેલીમાં તેને નુકસાન ભોગવવું પડી શકે.

પ્ર.4. તાડના ઝાડ અને નાના છોડની તુલનામાં લેખક મુખ્યત્વે શું સમજાવવા માંગે છે?

(A) ઊંચાઈ કરતાં બુદ્ધિ વધુ મહત્વની છે.

(B) મોટા વૃક્ષો ક્યારેય બચી શકતા નથી.

(C) બળ કરતાં પરિસ્થિતિને સમજવાની આવડત વધુ ઉપયોગી છે.

(D) નાના છોડ જ સૌથી શક્તિશાળી હોય છે.

પ્ર.5. જો નાના છોડ પણ અક્કડ રહીને પવન સામે ઊભા રહ્યા હોત, તો કયું પરિણામ સૌથી વધુ યોગ્ય ગણાય?

(A) તેઓ વધુ મજબૂત બન્યા હોત.

(B) તેઓ પણ તાડની જેમ નુકસાન પામ્યા હોત.

(C) તેઓ વધુ ઝડપથી વધ્યા હોત.

(D) પવનની દિશા બદલાઈ ગઈ હોત.

પ્ર.6. આ વાર્તાનો બોધ વિદ્યાર્થી પોતાના જીવનમાં કઈ પરિસ્થિતિમાં સૌથી વધુ લાગુ કરી શકે?

(A) મિત્ર સાથે મતભેદ થાય ત્યારે સમજદારીથી વાત કરીને.

(B) દરેક વાતમાં જીદ કરીને.

(C) શિક્ષકની વાત અવગણીને.

(D) કોઈની સલાહ ક્યારેય ન માનીને.

## ૮. વૃક્ષો આપણાં મિત્રો

એક વાર બે મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા. ગરમી ખૂબ જ હતી અને રસ્તો લાંબો હતો અને વળી ત્યાં લાંબા રસ્તા પર એક પણ ઝાડ જોવા મળ્યું નહીં. બંને મુસાફરો ગરમીના માર્યા ત્રાહિ ત્રાહિ પોકારી ગયા. થોડી વાર પછી દૂર નજર કરતાં એક ઝાડ દેખાયું ; ઝાડ જોઈ ઝાડની છાયામાં જઈને બેઠા. સમય થયો એટલે એક મુસાફરે બીજાને કહ્યું , આ ઝાડનો છાંયડો સારો છે. બાકી ઝાડ કંઈ કામના નથી. જો ને એના પર ફળ પણ દેખાતા નથી. ઝાડ આવું સાંભળી દુઃખી થઈ ગયું. તેણે કહ્યું, 'અરે! સળગતી આગ જેવી ગરમીમાં મારી ઠંડી છાંયામાં તું આરામ કરે છે ને મને જ વગોવે છે? તને આવો આરામ બીજે ક્યાં મળ્યો? તું અહીંથી ઊઠ. તું ફળને તો શું પણ છાંયડાનેય લાયક નથી. જા, તારા રસ્તે ચાલવા માંડ.' ઝાડની વાત સાંભળી બીજા મુસાફરે કહ્યું, એકદમ સાચી વાત છે. ઝાડ પોતે તપે છે અને આપણને છાંયડો આપે છે. એ જ મોટું ફળ છે.'

પ્ર.1. જો રસ્તામાં ઝાડ ન હોત, તો મુસાફરોને સૌથી મોટી મુશ્કેલી કઈ પડી હોત?

(A) તેઓ રસ્તો ભૂલી ગયા હોત.

(B) ગરમીના કારણે આરામ અને રાહત ન મળી હોત.

(C) તેમને ખાવાનું ન મળ્યું હોત.

(D) તેઓ ગામમાં પહોંચી શક્યા ન હોત.

પ્ર.2. પ્રથમ મુસાફરના વર્તન પરથી તેના સ્વભાવ વિશે કયું તારણ સૌથી યોગ્ય છે?

(A) તે ઉપકારને ઓળખી શકતો ન હતો.

(B) તે ખૂબ મહેનતુ હતો.

(C) તે દરેકનો આભાર માનતો હતો.

(D) તે કુદરતનો પ્રેમી હતો.

પ્ર.3. બીજા મુસાફરે ઝાડની વાતનું સમર્થન શા માટે કર્યું?

(A) કારણ કે તેને ઝાડ પરથી ફળ તોડવાં હતાં.

(B) કારણ કે તે ઝાડનો માલિક હતો.

(C) કારણ કે તે સમજતો હતો કે નિઃસ્વાર્થ સેવા પણ ઉપકાર જ છે.

(D) કારણ કે તે પહેલા મુસાફરથી ડરતો હતો.

પ્ર.4. જો પ્રથમ મુસાફરે ઝાડનો આભાર માન્યો હોત, તો કયો ગુણ તેના વર્તનમાં જોવા મળ્યો હોત?

(A) અહંકાર (B) સ્વાર્થ (C) ઈર્ષ્યા (D) કૃતજ્ઞતા

પ્ર.5. આ વાર્તા પ્રમાણે માણસે કુદરત પ્રત્યે કેવું વલણ રાખવું જોઈએ?

(A) માત્ર ઉપયોગ કરવો જોઈએ.

(B) ઉપયોગ સાથે સંરક્ષણ અને આદર પણ રાખવો જોઈએ.

(C) ફક્ત ફળ આપતાં ઝાડનું જ જતન કરવું જોઈએ.

(D) ઝાડનું મહત્વ માત્ર ઉનાળામાં જ છે.

પ્ર.6. નીચેમાંથી કઈ ઘટના આ વાર્તાના બોધને સૌથી વધુ અનુરૂપ છે?

(A) શાળાના બગીચામાં વૃક્ષો વાવી તેમની સંભાળ રાખવી.

(B) છાંયો મળ્યા પછી ઝાડની ડાળીઓ તોડી નાખવી.

(C) રસ્તામાં કચરો ફેંકીને ચાલ્યા જવું.

(D) જરૂર પડે ત્યારે જ વૃક્ષોનું મહત્વ માનવું.

## ૯. દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં

એક હતું ગામ. તે ગામની પાસે થઈને એક નદી વહે. નદીના બીજા કિનારે ઘણાં દૂધવાળા રહે. કેટલાક દૂધવાળાઓ રોજ નજીકમાં એક મોટું શહેર હતું ત્યાં દૂધ વેચવા જાય. એકવાર એક દૂધવાળાને થયું, લાવને આ નદીનું પાણી લઈ દૂધમાં રેડી દઉં. તેથી મને વધારે પૈસા મળશે. આમ, વિચારી તેને પોતાની દૂધની બરણીમાં બે લોટા પાણી ઉમેરી દીધું. એ જ વખતે બીજા દૂધવાળાએ પાછળથી જોયું પણ કશું બોલ્યો નહીં. પછી બધા શહેરમાં ગયા, દૂધ વેચ્યું અને પાછા આવ્યા. પાછા આવતી વખતે દૂધવાળાને તરસ લાગતાં તે પેલી નદીમાં પાણી પીવા ગયો. પાણી પીવા જ્યાં તે નીચે વળ્યો એટલે તેના ખિસ્સામાંથી થોડા પૈસા નદીમાં પડી ગયા. પૈસા મળ્યા નહીં એટલે તે રડવા લાગ્યો અને કહેવા લાગ્યો કે મારા પૈસા નદીમાં પડી ગયા. બીજો દૂધવાળો બોલ્યો કે જો તું રડીશ નહીં. તારું જેટલું દૂધ હતું તેટલા પૈસા તારી પાસે રહ્યા અને જેટલું પાણી તે દૂધમાં રેડ્યું હતું તેના પૈસા પાણી માં ગયા એમ માની લે અને હવે ઘરે ચાલ. પેલો દૂધવાળો બધાની સાથે ચૂપચાપ ચાલવા લાગ્યો.

પ્ર.1. જો બીજા દૂધવાળાએ પ્રથમ દૂધવાળાને દૂધમાં પાણી ભેળવતાં જ રોક્યો હોત, તો સૌથી યોગ્ય પરિણામ કયું બની શક્યું હોત?

(A) બંને વચ્ચે ઝઘડો થયો હોત.

(B) શહેરમાં દૂધ વેચાઈ શક્યું ન હોત.

(C) પ્રથમ દૂધવાળાને પોતાની ભૂલ વહેલી સમજાઈ હોત અને બેઈમાની ટળી હોત.

(D) બીજા દૂધવાળાએ વધુ નફો કર્યો હોત.

પ્ર.2. “પાણીના પૈસા પાણીમાં ગયા” આ વાક્યનો સાચો ભાવાર્થ કયો છે?

(A) નદીમાં પડેલા પૈસા પાછા મળતા નથી.

(B) ખોટી રીતે મેળવેલા લાભનો અંતે નુકસાન જ થાય છે.

(C) પાણીની કિંમત પૈસા કરતાં વધારે છે.

(D) નદીમાં પૈસા ફેંકવા જોઈએ નહીં.

પ્ર.3. આ વાર્તામાં બીજા દૂધવાળાનું વર્તન કયા ગુણનું શ્રેષ્ઠ ઉદાહરણ છે?

(A) બદલો લેવાની ભાવના

(B) બીજાની મજાક કરવાની ટેવ

(C) લોભી સ્વભાવ

(D) સમજદારીથી બોધ આપવાની આવડત

પ્ર.4. જો પ્રથમ દૂધવાળાએ શરૂઆતથી જ પ્રામાણિકતા રાખી હોત, તો નીચેમાંથી કયું પરિણામ સૌથી વધુ યોગ્ય ગણાય?

(A) તેને ગ્રાહકોનો વિશ્વાસ અને સારો વેપારી તરીકેની ઓળખ મળી હોત.

(B) તેને દૂધ વેચવામાં મુશ્કેલી પડી હોત.

(C) અન્ય દૂધવાળાઓ તેને અટકાવતા.

(D) તેને નદી પાર કરવાની જરૂર ન પડતી.

પ્ર.5. આજના જીવનમાં આ વાર્તાનો બોધ સૌથી વધુ કઈ પરિસ્થિતિમાં લાગુ પડે?

(A) પરીક્ષામાં નકલ કરીને વધુ ગુણ મેળવવાનો પ્રયાસ કરવો.

(B) મહેનત અને પ્રામાણિકતાથી સફળતા મેળવવી.

(C) દરેક વાતમાં બીજાનું અનુકરણ કરવું.

(D) ઓછા સમયમાં વધુ નફો મેળવવા માટે કોઈપણ રસ્તો અપનાવવો.

પ્ર.6. આ વાર્તાનો મુખ્ય સંદેશ કયો છે?

(A) નસીબ હંમેશાં માણસને સફળ બનાવે છે.

(B). મુશ્કેલી આવે ત્યારે હંમેશાં બીજાને જવાબદાર ઠેરવવા જોઈએ.

(C) પૈસા જ જીવનમાં સૌથી મહત્વના છે.

(D) પ્રામાણિકતા લાંબા ગાળે વિશ્વાસ અને સન્માન અપાવે છે.

## ૧૦. સંપનું બળ

એક ખેડૂત હતો. તે ખૂબ મહેનતુ હતો. સખત મહેનત કરીને ખેડૂતે મોટી મજાની વાડી વિકસાવી હતી. તેણે ઘણી સંપતિ ભેગી કરી હતી. થોડાં વર્ષો વીત્યાં એટલે ખેડૂત વૃદ્ધ થયો. તેણે બધી જવાબદારી હવે પોતાના પુત્રોને આપવાનો નિર્ણય કર્યો. પરંતુ ચાર પુત્રો અંદરોઅંદર ઝગડશે તો નહીં ને, પરિવાર અલગ તો નહીં થઈ જાય ને! એવો ભય લાગવા લાગ્યો. પોતાના પરિવારને સંપનું મહત્વ સમજાવવા ખેડૂતે એક યુક્તિ કરી. પોતાના પુત્રોને બોલાવીને ચારેય પુત્રોને એક-એક લાકડી આપી અને કહ્યું કે આ લાકડીને હાથથી તોડી નાખો. બધાએ તરત જ લાકડીને હાથથી તોડી કાઢી. હવે ખેડૂતે ઘણી બધી લાકડીઓનો ભારો વારાફરતી દરેક પુત્રને આપ્યો અને કહ્યું કે આ લાકડીઓના ભારાને એક સાથે તોડી બતાઓ. ચારેમાંથી એક પણ પુત્ર લાકડીઓના ભારાને તોડી શક્યા નહીં. એકલી લાકડીને તોડવી સરળ છે પરંતુ જો બધી લાકડીઓ ભેગી હોય તો તેને તોડવી શક્ય નથી. ખેડૂતે પોતાના પુત્રોને કહ્યું, ‘ સંપમાં જ સાચી શક્તિ છે. આ વાત કદી ન ભૂલતા.’

પ્ર.1. જો ખેડૂતે પોતાના પુત્રોને માત્ર મૌખિક સમજાવટ આપી હોત અને લાકડીનો પ્રયોગ ન કર્યો હોત, તો સૌથી વધુ શક્ય પરિણામ કયું હોત?

(A) પુત્રો તરત જ વાત સમજી ગયા હોત.

(B) પુત્રો પર તેની વાતની એટલી ઊંડી અસર ન થઈ હોત.

(C) બધા પુત્રોએ ખેતી છોડી દીધી હોત.

(D) પરિવાર વધુ સમૃદ્ધ બની ગયો હોત.

પ્ર.2. એક લાકડી અને લાકડીઓના ભારાની તુલના દ્વારા ખેડૂત મુખ્યત્વે શું સમજાવવા માંગતો હતો?

(A) વધુ લાકડીઓનું વજન વધારે હોય છે.

(B) જાડી લાકડી ક્યારેય તૂટતી નથી.

(C) એકતા વ્યક્તિગત શક્તિ કરતાં વધુ અસરકારક બને છે.

(D) લાકડીઓ ભેગી કરવી મુશ્કેલ છે.

પ્ર.3. જો ચારેય ભાઈઓ વારંવાર ઝઘડતા રહે, તો આ વાર્તા મુજબ સૌથી મોટી અસર શેના પર પડશે?

(A) પરિવારની એકતા અને વિકાસ પર.

(B) ગામના લોકો પર.

(C) માત્ર ખેડૂતની વાડી પર.

(D) હવામાન પર.

પ્ર.4. નીચેની કઈ પરિસ્થિતિ આ વાર્તાના બોધને સૌથી વધુ યોગ્ય રીતે દર્શાવે છે?

(A) પરિવારના દરેક સભ્ય અલગ-અલગ રહે.

(B) દરેક વિદ્યાર્થી પોતપોતાનું કામ જ કરે અને કોઈની મદદ ન કરે.

(C) મિત્રો વચ્ચે હંમેશાં સ્પર્ધા જ રાખવી.

(D) વર્ગના બધા વિદ્યાર્થીઓ મળીને શાળાની સ્વચ્છતા અભિયાનમાં ભાગ લે.

પ્ર.5. આજના સમયમાં કોઈ ટીમ સફળ થવા માટે આ વાર્તામાંથી કયો ગુણ સૌથી વધુ અપનાવવો જોઈએ?

(A) દરેક વ્યક્તિએ માત્ર પોતાનો જ વિચાર કરવો.

(B) સહકાર, વિશ્વાસ અને એકતા જાળવવી.

(C) એક જ વ્યક્તિએ બધા નિર્ણયો લેવા.

(D) હંમેશાં બીજાની ભૂલો શોધવી.

પ્ર.6. આ વાર્તાનો બોધ વિદ્યાર્થી પોતાના જીવનમાં સૌથી વધુ કઈ જગ્યાએ લાગુ કરી શકે?

(A) મિત્રોની સલાહ અવગણવામાં.

(B) દરેક કામ એકલાએ જ કરવામાં.

(C) જૂથ પ્રવૃત્તિમાં સૌ સાથે મળીને જવાબદારી નિભાવવામાં.

(D) જીતવા માટે સાથીઓ સાથે ઝઘડો કરવામાં.

## ૧૧. સ્ત્રીની ચતુરાઈ (તપેલું)

બે સ્ત્રીઓ પાસપાસેના ઘરમાં રહે. બંને ઘર વચ્ચે વાટકી વહેવાર થતો. એકવાર સ્ત્રીના ઘરે મહેમાનો આવ્યા. ઘરમાં મોટું તપેલું ન હતું અને મહેમાનો પણ દસ પંદર દિવસ સુધી રહેવાના હતા. તેથી તે પાડોશીના ઘરેથી એક મોટું તપેલું લઈ આવી. મહેમાનો પંદર દિવસ પછી જતા રહેતા પેલી સ્ત્રી તપેલું પાછું આપવા ગઈ. સાથે એક નાની તપેલી પણ લેતી ગઈ. પેલી સ્ત્રીએ પોતાનું મોટું તપેલું લઈ લીધું પણ નાની તપેલી લીધી નહીં અને કહ્યું કે આ તપેલી મારી નથી. પેલી સ્ત્રીએ કહ્યું કે વાત સાચી, કે આ તપેલી તમારી નથી પણ તમે આપેલા તપેલાએ આ તપેલીને જન્મ આપ્યો છે. માટે એ તમારી જ તાપેલી કહેવાય. પેલી સ્ત્રીને નવાઈ લાગી. તપેલું તપેલીને જન્મ કઈ રીતે આપે! પણ મફતમાં મળતી તપેલી લઈ લીધી અને ખુશ થઈ ગઈ. થોડા સમય પછી ફરીથી મહેમાનો આવતાં પેલી સ્ત્રી તપેલું લેવા ગઈ અને તપેલું લઈને આવી. મહેમાનોના ગયે અઠવાડિયું પણ થઈ ગયું પણ તપેલું આપવા પેલી સ્ત્રી ગઈ નહીં. એટલે પેલી સ્ત્રીએ તપેલું માગ્યું તો પેલી સ્ત્રીએ કહ્યું: અરે! તમારું તપેલું તો મરી ગયું. પાડોશી સ્ત્રી કહે, તપેલું મરતું હશે ? એટલે પેલી સ્ત્રીએ જવાબ આપ્યો કે જે તપેલું તપેલીને જન્મ આપી શકતું હોય તો તે કેમ મરી ન શકે ? પાડોશી સ્ત્રી કંઈ જ બોલ્યા વગર નાની તપેલીના બદલામાં મોટું તપેલું ગુમાવી ચૂપચાપ જતી રહી.

પ્ર.1. જો પાડોશી સ્ત્રીએ શરૂઆતમાં જ "તપેલાએ તપેલીને જન્મ આપ્યો" એવી વાત સ્વીકારી ન હોત, તો અંતે કયું પરિણામ સૌથી વધુ શક્ય હતું?

(A) તેને પોતાનું મોટું તપેલું ગુમાવવાનો વારો ન આવ્યો હોત.

(B) બંને વચ્ચે મિત્રતા વધી હોત.

(C) તેને બે તપેલાં મળી ગયાં હોત.

(D) મહેમાનો ફરી પાછા આવી ગયા હોત.

પ્ર.2. બીજી સ્ત્રીએ "તપેલું મરી ગયું" એવું કેમ કહ્યું?

(A) કારણ કે તપેલું ખરેખર તૂટી ગયું હતું.

(B) કારણ કે તેને મજાક કરવી ગમતી હતી.

(C) કારણ કે તેને તપેલું પાછું આપવું જ નહોતું.

(D) કારણ કે તે પાડોશીની જ ખોટી દલીલનો એ જ રીતે જવાબ આપવા માંગતી હતી.

પ્ર.3. આ વાર્તામાં પાડોશી સ્ત્રીની સૌથી મોટી ભૂલ કઈ હતી?

(A) મહેમાનોને તપેલું આપવું.

(B) લોભના કારણે અતાર્કિક વાતને સાચી માની લેવી.

(C) તપેલું મોડું પાછું માંગવું.

(D) પડોશી સાથે વાતચીત કરવી.

પ્ર.4. જો તમે ત્યાં હાજર હો, તો બંને સ્ત્રીઓ વચ્ચેનો વિવાદ ટાળવા માટે શી સલાહ આપી શકો?

(A) કોઈ પણ વાત તપાસ્યા વગર માની લેવી.

(B) એકબીજા સાથે બોલવાનું બંધ કરી દેવું.

(C) લોભ છોડીને સાચી અને તર્કસંગત વાત સ્વીકારવી.

(D) તપેલું કોઈ ત્રીજી વ્યક્તિને આપી દેવું.

પ્ર.5. આજના જીવનમાં આ વાર્તાનો બોધ સૌથી વધુ કઈ પરિસ્થિતિમાં ઉપયોગી બની શકે?

(A) સોશિયલ મીડિયામાં મળતી દરેક વાત સાચી માની લેવી.

(B) કોઈપણ નિર્ણય લેતા પહેલાં તર્ક અને સત્યની ચકાસણી કરવી.

(C) મફતમાં મળતી દરેક વસ્તુ સ્વીકારી લેવી.

(D) બીજાની વાતનો જવાબ હંમેશાં ગુસ્સાથી આપવો.

પ્ર.6. આ વાર્તાનો મુખ્ય સંદેશ કયો છે?

(A) ચતુરાઈ હંમેશાં લોભ કરતાં વધારે અસરકારક સાબિત થાય છે.

(B) પડોશી પાસે વસ્તુ માંગવી જ નહીં.

(C) લોભ માણસને ખોટો નિર્ણય લેવડાવી શકે છે અને અંતે નુકસાન કરાવે છે.

(D) મહેમાનોને ઘરે બોલાવવાથી મુશ્કેલી થાય છે.

## ચિત્ર ૧ – ખેતર અને ટ્રેક્ટર



1. ખેડૂત ચિત્રમાં ટ્રેક્ટર ચલાવી રહ્યો છે. આ ટ્રેક્ટરનો ઉપયોગ ખેતરમાં મુખ્યત્વે શાના માટે થતો હશે?

(A) પ્રાણીઓને ફરવા લઈ જવા માટે

(B)જમીન ખેડવા અને ભારે સામાન ઉપાડવા માટે

(C)સૂર્યનો પ્રકાશ મેળવવા માટે

(D)ઘાસ ઉગાડવા માટે

2. જો ખેતરમાંથી આ કોઠાર/તબેલો (Barn) હટાવી લેવામાં આવે, તો પ્રાણીઓને કઈ મુખ્ય મુશ્કેલી પડશે?

(A) તેઓ રમી શકશે નહીં

(B)વરસાદ અને તડકાથી રક્ષણ મળશે નહીં

(C)તેઓ ટ્રેક્ટરમાં બેસી શકશે નહીં

(D)તેઓ સૂરજ દાદાને જોઈ શકશે નહીં

3. ચિત્રમાં દર્શાવેલા પ્રાણીઓમાંથી કયાં પ્રાણીઓ આપણને દૂધ આપે છે?

(A) ગાય અને ડુક્કર

(B)કુતરું અને મરઘી

(C)ગાય અને ઘેટું

(D)માત્ર મરઘી

4. ટ્રેક્ટરની આગળના ભાગમાં કુતરું અને મરઘી છે. ખેડૂતે ટ્રેક્ટર આગળ વધારતા પહેલાં શું કરવું જોઈએ?

(A) ટ્રેક્ટર ઝડપથી ચલાવવું

(B)હોર્ન વાગડીને પ્રાણીઓને ખસવાની રાહ જોવી

(C)પ્રાણીઓ પર ટ્રેક્ટર ચલાવી દેવું

(D)ટ્રેક્ટરમાંથી નીચે ઉતરીને ઊંઘી જવું

5. ચિત્રમાં સુરજ દાદા ચમકી રહ્યા છે અને વાદળો દેખાય છે. આ ચિત્ર પરથી કઈ બાબત સાબીત થાય છે?

(A) આ રાતનું ચિત્ર છે

(B)આ દિવસનું ચિત્ર છે

(C)ખેતરમાં ખૂબ અંધારું છે

(D)ખેડૂત ઊંઘી રહ્યો છે

6. ચિત્રમાં રહેલા પ્રાણીઓમાંથી કયું પ્રાણી ખેતરની રખેવાળી (ચોકી) કરવા માટે સૌથી વધુ ઉપયોગી છે?

(A) ઘેટું

(B)ડુક્કર

(C)કુતરું

(D)ગાય

## ચિત્ર ૨ – શાકભાજીની દુકાન



1. બાળક મોટું કોળું (Pumpkin) ઉપાડી રહ્યો છે. આ પરથી શું સમજી શકાય?

(A) કોળું કદમાં મોટું અને વજનદાર છે

(B)કોળું પ્લાસ્ટિકનું છે

(C)કોળું હવામાં ઊડી રહ્યું છે

(D)બાળક શાકભાજી વેચી રહ્યો છે

2. દુકાનદારે શાકભાજી અલગ-અલગ ખાનામાં શા માટે ગોઠવ્યા છે?

(A) જેથી ગ્રાહકને પસંદગી કરવામાં સરળતા રહે

(B)જેથી કોઈ ખરીદી ન શકે

(C)માત્ર દુકાન સુંદર દેખાય તે માટે

(D)બધી વસ્તુઓ ભેગી થઈ જાય તે માટે

3. ગ્રાહકના હાથમાં રહેલી કાપડ/વાંસની ટોપલી વાપરવાથી શું ફાયદો થાય?

(A) પર્યાવરણમાં પ્રદૂષણ ફેલાતું નથી

(B)શાકભાજી મોંઘા થાય છે

(C)ટોપલી જલદી તૂટી જાય છે

(D)ફળો બગડી જાય છે

4. જમીન પર ખરી પડેલાં સુકાં પાંદડાં કઈ ઋતુનું સૂચન કરે છે?

(A) ચોમાસું

(B)પાનખર / શિયાળો

(C)ઉનાળો

(D)વસંત

5. તાજાં ફળો અને શાકભાજી ખાવાથી શરીરને શું મળે છે?

(A) બીમારી

(B)પોષણ અને શક્તિ

(C)આળસ

(D)વજન

6. ગ્રાહક ફળો ખરીદીને બદલામાં વેપારીને શું આપે છે?

(A) રમકડાં

(B)નાણાં

(C)બીજા ફળો

(D)પુસ્તકો

## ચિત્ર ૩ – વાહનો અને પરિવહન



1. વિમાન અને હોટ એર બલૂન કયા માર્ગના વાહનો કહેવાય?

(A) જળમાર્ગ (B)હવાઈ માર્ગ

(C)જમીન માર્ગ (D)રેલ માર્ગ

2. ચિત્રમાં દર્શાવેલા વાહનોને જોતા કયું નિવેદન સૌથી યોગ્ય છે?

(A) બધા વાહનો હવામાં ચાલે છે

(B)વાહનો અલગ-અલગ માર્ગો પર ચાલે છે

(C)બધ વાહનો પાણીમાં ચાલે છે

(D)બધા વાહનો મુસાફરો માટે છે

3. જો ચિત્રમાં ભારે વરસાદ શરુ થાય,તો કયું વાહન સૌથી ઓછું પ્રભાવિત થશે?

(A) બસ (B)ટ્રેન

(C)માલવાહક જહાજ (D)હોટએર બલુન

4. ખૂબ જ વધારે પ્રમાણમાં સામાન એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે ચિત્રમાંથી કયું વાહન સૌથી વધુ ઉપયોગી છે?

(A) નાની કાર (B)ટ્રક અથવા માલવાહક જહાજ

(C)હોટ એર બલૂન (D)હોડી

5. દરિયા કિનારે ઊભેલો દીવાદાંડી રાત્રે કયા કામમાં મદદ કરે છે?

(A) બસને રસ્તો બતાવવા (B)જહાજોને દરિયામાં રસ્તો અને ભય બતાવવા

(C)વિમાનને ઉડાડવા (D)ટ્રેન રોકવા

## ચિત્ર ૪ – પ્રાણી સંગ્રહાલય



પ્ર.1. જો પ્રાણી સંગ્રહાલયમાં સુરક્ષાની જાળી ન હોય, તો સૌથી વધુ યોગ્ય પરિણામ કયું બની શકે?

(A) પ્રાણીઓ વધુ આનંદ અનુભવશે.

(B) પ્રાણીઓ બધા પિંજરામાં જ રહેશે.

(C) બાળકો વધુ ઝડપથી પ્રાણીઓ વિશે શીખશે.

(D) મુલાકાતીઓ અને પ્રાણીઓ બંને માટે જોખમ ઊભું થઈ શકે.

પ્ર.2. શિક્ષિકા વિદ્યાર્થીઓને પ્રાણી સંગ્રહાલયમાં લઈને ગયા હશે તેનું મુખ્ય કારણ શું હોઈ શકે?

(A) માત્ર ફરવા માટે.

(B) પુસ્તકીય જ્ઞાનને વાસ્તવિક અનુભવ સાથે જોડવા માટે.

(C) વિદ્યાર્થીઓનો સમય પસાર કરાવવા માટે.

(D) પ્રાણીઓને ખવડાવવા માટે.

પ્ર.3. જો કોઈ વિદ્યાર્થી પ્રાણીને ચીડવવાનો પ્રયત્ન કરે, તો સૌથી યોગ્ય વર્તન કયું ગણાય?

(A) તેને પ્રાણીઓની સુરક્ષા અને નિયમોનું મહત્વ સમજાવવું.

(B) તેને વધુ નજીક જવા પ્રોત્સાહન આપવું.

(C) બધા વિદ્યાર્થીઓને પણ આવું કરવા કહેવું.

(D) શિક્ષિકાને કંઈ ન કહેવું.

પ્ર.4. આ ચિત્રના આધારે કયો નિષ્કર્ષ સૌથી યોગ્ય છે?

(A) જંગલી પ્રાણીઓનું કોઈ મહત્વ નથી.

(B) પ્રાણીઓ માત્ર મનોરંજન માટે જ રાખવામાં આવે છે.

(C) પ્રાણીઓનું સંરક્ષણ અને શિક્ષણ બંને સાથે શક્ય છે.

(D) પ્રાણી સંગ્રહાલય માત્ર રજાના દિવસે જ ઉપયોગી હોય છે.

પ્ર.5. જો તમને શાળામાં “વન્યજીવ સંરક્ષણ” અંગે જાગૃતિ લાવવાની જવાબદારી સોંપવામાં આવે, તો કયો નિર્ણય સૌથી વધુ અસરકારક ગણાય?

(A) વિદ્યાર્થીઓને પ્રાણીઓને હેરાન ન કરવાની શપથ લેવડાવવી.

(B) વિદ્યાર્થીઓને પ્રાણીઓથી દૂર રહેવાનું કહેવું.

(C) પ્રાણી સંગ્રહાલય બંધ કરવાની માંગ કરવી.

(D) માત્ર ચિત્રો બતાવીને કાર્યક્રમ પૂરો કરવો.

પ્ર.6. આ ચિત્રનો મુખ્ય સંદેશ કયો છે?

(A) જંગલી પ્રાણીઓથી હંમેશાં ડરવું જોઈએ.

(B) પ્રાણી સંગ્રહાલયમાં માત્ર મનોરંજન માટે જ જવું જોઈએ.

(C) પ્રાણીઓને પિંજરામાં રાખવા જ જોઈએ.

(D) પ્રાણીઓ પ્રત્યે દયા, જવાબદારી અને સંરક્ષણની ભાવના વિકસાવવી જોઈએ.

## ચિત્ર ૫ – ગામડું



પ્ર.1. જો આ ગામમાં નદી અને તળાવ બંને સુકાઈ જાય, તો સૌથી વધુ અસર કયા ક્ષેત્ર પર પડશે?

(A) માત્ર પરિવહન પર (B) ખેતી, પશુપાલન અને લોકોના દૈનિક જીવન પર

(C) માત્ર શાળાઓ પર (D) માત્ર બજાર પર

પ્ર.2. ચિત્રમાં ગામના લોકોના જીવન વિશે કયું અનુમાન સૌથી વધુ યોગ્ય છે?

(A) તેઓ કુદરતી સંસાધનોનો ઉપયોગ કરીને મહેનતભર્યું જીવન જીવે છે.

(B) તેઓ આખો દિવસ મનોરંજનમાં સમય પસાર કરે છે.

(C) તેઓ ખેતીથી સંપૂર્ણપણે દૂર છે.

(D) તેઓ માત્ર શહેર પર આધાર રાખે છે.

પ્ર.3. જો ગામના લોકો વૃક્ષોનું જતન ન કરે, તો ભવિષ્યમાં સૌથી વધુ કઈ સમસ્યા ઊભી થઈ શકે?

(A) ગામમાં વાહનો વધી જશે.

(B) લોકો વધુ ઝડપથી કામ કરશે.

(C) છાંયો, વરસાદ અને પર્યાવરણ પર નકારાત્મક અસર પડશે.

(D) ઘરોની સંખ્યા વધી જશે.

પ્ર.4. આ ચિત્ર પરથી કયો વિચાર સૌથી યોગ્ય લાગે છે?

(A) ગામનો વિકાસ માત્ર મોટા મકાનોથી થાય છે.

(B) વિકાસ માટે ખેતી જરૂરી નથી.

(C) ગામમાં રહેવું હંમેશાં મુશ્કેલ હોય છે.

(D) કુદરત અને માનવજીવન એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે.

પ્ર.5. જો તમને આ ગામના સરપંચ તરીકે એક સુધારો કરવાનો અવસર મળે, તો સૌથી વધુ ઉપયોગી નિર્ણય કયો ગણાય?

(A) વધુ વૃક્ષારોપણ અને પાણીના સંરક્ષણની યોજના બનાવવી.

(B) તમામ ખેતરોને બંધ કરાવી દેવા.

(C) પશુપાલન સંપૂર્ણપણે બંધ કરાવવું.

(D) નદીને માટીથી ભરી દેવી.

પ્ર.6. આ ચિત્રનો મુખ્ય સંદેશ કયો છે?

(A) વિકાસ માટે માત્ર શહેરો જ મહત્વના છે.

(B) ગામમાં રહેતા લોકો આધુનિક જીવન જીવી શકતા નથી.

(C) કુદરત સાથે સુમેળ, મહેનત અને સહકારથી ગામનો વિકાસ શક્ય બને છે.

(D) ખેતી કરતાં વેપાર વધુ જરૂરી છે.

## જવાબ વિભાગ (Answer Key)

### ૧. પ્રામાણિક રામુ

૧. (C) લાકડાં કાપતો

૨. (B) રડવા લાગ્યો

૩. (A) કઠિયારો

૪. (D) પ્રામાણિકતા

### ૨. મોર – આપણું રાષ્ટ્રીય પક્ષી

૧. (B) ભારત

૨. (C) લાંબા

૩. (D) મોર

૪. (C) મયૂર

### ૩. સોનેરી સૂર્યોદય

૧. (C) પૂર્વ

૨. (A) માળો

૩. (C) સવાર

૪. (C) સવાર

### ૪. ગિરનાર પર્વત

૧. (C) ગિરનાર

૨. (C) રોપ-વે

૩. (B) ત્રિકોણ

૪. (A) નીચો

૫. (C) સિંહ

## ૫. રોબોટ અને રોહન

૧. (B) તે પોતાના કામ માટે બીજા પર નિર્ભર રહીને આળસુ બની ગયો.

૨. (B) તેનું દફતર તૈયાર ન હોવાથી બસ ચૂકવાનો ડર લાગ્યો.

૩. (C) ટેકનોલોજી સુવિધા માટે છે, પણ આપણે પોતાના રોજિંદા કામ કરવાની ટેવ જાળવી રાખવી જોઈએ.

૪. (A) આળસુ બન્યો ન હોત અને સમયસર કામ જાતે કરત.

૫. (B) હુકમ

## ૬. પક્ષીઓનું આશ્રયસ્થાન અને વૃક્ષનું મહત્વ

૧. (B) તેઓ આંગણામાં વધુ તડકો લાવવા માગતા હતા.

૨. (B) ઈંડાં જોઈને તેમના મનમાં જીવદયા અને સંવેદના જાગી.

૩. (B) ઈંડાં નાશ પામત અને અબોલ પક્ષીઓનો આશ્રય છીનવાઈ જાત.

૪. (D) પ્રકૃતિ અને પક્ષીઓના કારણે ઘરનું વાતાવરણ આનંદમય બની ગયું.

૫. (C) વૃક્ષો માત્ર આપણને છાંયડો નથી આપતા, પણ અન્ય જીવોનું ઘર પણ છે, તેથી તેનું જતન કરવું જોઈએ.

## ૭. નમે તે સૌને ગમે

૧. (C) તાડનું ઝાડ વાવાઝોડામાં બચી ગયું હોત.

૨. (B) સમયને અનુરૂપ નિર્ણય લેવાની સમજ.

૩. (D) મુશ્કેલીમાં તેને નુકસાન ભોગવવું પડી શકે.

૪. (C) બળ કરતાં પરિસ્થિતિને સમજવાની આવડત વધુ ઉપયોગી છે.

૫. (B) તેઓ પણ તાડની જેમ નુકસાન પામ્યા હોત.

૬. (A) મિત્ર સાથે મતભેદ થાય ત્યારે સમજદારીથી વાત કરીને.

## ૮. વૃક્ષો આપણાં મિત્રો

૧. (B) ગરમીના કારણે આરામ અને રાહત ન મળી હોત.

૨. (A) તે ઉપકારને ઓળખી શકતો ન હતો.

૩. (C) કારણ કે તે સમજતો હતો કે નિઃસ્વાર્થ સેવા પણ ઉપકાર જ છે.

૪. (D) કૃતજ્ઞતા.

૫. (B) ઉપયોગ સાથે સંરક્ષણ અને આદર પણ રાખવો જોઈએ.

૬. (A) શાળાના બગીચામાં વૃક્ષો વાવી તેમની સંભાળ રાખવી.

## ૯. દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં

૧. (C) પ્રથમ દૂધવાળાને પોતાની ભૂલ વહેલી સમજાઈ હોત અને બેઈમાની ટળી હોત.

૨. (B) ખોટી રીતે મેળવેલા લાભનો અંતે નુકસાન જ થાય છે.

૩. (D) સમજદારીથી બોધ આપવાની આવડત.

૪. (A) તેને ગ્રાહકોનો વિશ્વાસ અને સારો વેપારી તરીકેની ઓળખ મળી હોત.

૫. (B) મહેનત અને પ્રામાણિકતાથી સફળતા મેળવવી.

૬. (D) પ્રામાણિકતા લાંબા ગાળે વિશ્વાસ અને સન્માન અપાવે છે.

## ૧૦. સંપનું બળ

૧. (B) પુત્રો પર તેની વાતની એટલી ઊંડી અસર ન થઈ હોત.

૨. (C) એકતા વ્યક્તિગત શક્તિ કરતાં વધુ અસરકારક બને છે.

૩. (A) પરિવારની એકતા અને વિકાસ પર.

૪. (D) વર્ગના બધા વિદ્યાર્થીઓ મળીને શાળાની સ્વચ્છતા અભિયાનમાં ભાગ લે.

૫. (B) સહકાર, વિશ્વાસ અને એકતા જાળવવી.

૬. (C) જૂથ પ્રવૃત્તિમાં સૌ સાથે મળીને જવાબદારી નિભાવવામાં.

## ૧૧. સ્ત્રીની ચતુરાઈ

૧. (A) તેને પોતાનું મોટું તપેલું ગુમાવવાનો વારો ન આવ્યો હોત.

૨. (D) કારણ કે તે પાડોશીની જ ખોટી દલીલનો એ જ રીતે જવાબ આપવા માંગતી હતી.

૩. (B) લોભના કારણે અતાર્કિક વાતને સાચી માની લેવી.

૪. (C) લોભ છોડીને સાચી અને તર્કસંગત વાત સ્વીકારવી.

૫. (B) કોઈપણ નિર્ણય લેતા પહેલાં તર્ક અને સત્યની ચકાસણી કરવી.

૬. (C) લોભ માણસને ખોટો નિર્ણય લેવડાવી શકે છે અને અંતે નુકસાન કરાવે છે.

### ચિત્ર ૧ – ખેતર

૧. (B) જમીન ખેડવા અને ભારે સામાન ઉપાડવા માટે

૨. (B) વરસાદ અને તડકાથી રક્ષણ મળશે નહીં

૩. (C) ગાય અને ઘેટું

૪. (B) હોર્ન વાગડીને પ્રાણીઓને ખસવાની રાહ જોવી

૫. (B) આ દિવસનું ચિત્ર છે

૬. (C) કુતરું

### ચિત્ર ૨ – શાકભાજીની દુકાન / બજાર

૧. (A) કોળું કદમાં મોટું અને વજનદાર છે

૨. (A) જેથી ગ્રાહકને પસંદગી કરવામાં સરળતા રહે

૩. (A) પર્યાવરણમાં પ્રદૂષણ ફેલાતું નથી

૪. (B) પાનખર / શિયાળો

૫. (B) પોષણ અને શક્તિ

૬. (B) નાણાં

### ચિત્ર ૩ – વાહનો અને પરિવહન

૧. (B) હવાઈ માર્ગ

૨. (B) વાહનો અલગ-અલગ માર્ગો પર ચાલે છે

૩. (C) માલવાહક જહાજ

૪. (B) ટ્રક અથવા માલવાહક જહાજ

૫. (B) જહાજોને દરિયામાં રસ્તો અને ભય બતાવવા

### ચિત્ર ૪ – પ્રાણી સંગ્રહાલય (Zoo)

૧. (D) મુલાકાતીઓ અને પ્રાણીઓ બંને માટે જોખમ ઊભું થઈ શકે.

૨. (B) પુસ્તકીય જ્ઞાનને વાસ્તવિક અનુભવ સાથે જોડવા માટે.

૩. (A) તેને પ્રાણીઓની સુરક્ષા અને નિયમોનું મહત્વ સમજાવવું.

૪. (C) પ્રાણીઓનું સંરક્ષણ અને શિક્ષણ બંને સાથે શક્ય છે.

૫. (A) વિદ્યાર્થીઓને પ્રાણીઓને હેરાન ન કરવાની શપથ લેવડાવવી.

૬. (D) પ્રાણીઓ પ્રત્યે દયા, જવાબદારી અને સંરક્ષણની ભાવના વિકસાવવી જોઈએ.

## ચિત્ર ૫ – ગામડું અને કુદરત

૧. (B) ખેતી, પશુપાલન અને લોકોના દૈનિક જીવન પર

૨. (A) તેઓ કુદરતી સંસાધનોનો ઉપયોગ કરીને મહેનતભર્યું જીવન જીવે છે.

૩. (C) છાંયો, વરસાદ અને પર્યાવરણ પર નકારાત્મક અસર પડશે.

૪. (D) કુદરત અને માનવજીવન એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે.

૫. (A) વધુ વૃક્ષારોપણ અને પાણીના સંરક્ષણની યોજના બનાવવી.

૬. (C) કુદરત સાથે સુમેળ, મહેનત અને સહકારથી ગામનો વિકાસ શક્ય બને છે.

# ગણિત

## પ્રકરણ - ૧. પ્રકરણ - ૧: ઇંટોની ઈમારત

### ❖ નીચેના વૈકલ્પિક પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(૧) એક મકાનની દીવાલ બનાવવા માટે ૮૫૦૦ ઈંટોની જરૂર છે. જો એક ટ્રેક્ટરમાં ૨૦૦૦ ઈંટો સમાય, તો ટ્રેક્ટરને કેટલા પૂરા ફેરા કરવા પડશે અને કેટલી ઈંટો બાકી રહેશે?

(A) ૪ પૂરા ફેરા, ૫૦૦ ઈંટો બાકી રહેશે

(B) ૫ પૂરા ફેરા, એકપણ ઈંટ બાકી નહીં રહે

(C) ૩ પૂરા ફેરા, ૧૫૦૦ ઈંટો બાકી રહેશે

(D) ૪ પૂરા ફેરા, ૧૦૦૦ ઈંટો બાકી રહેશે

(૨) ઈંટોની ભઠ્ઠીમાં નવી ઈંટોનો ભાવ ₹ ૧૫૦૦ પ્રતિ હજાર ઇંટ છે. જો મુકેશભાઈને ૪૫૦૦ ઈંટો ખરીદવી હોય, તો તેમણે કેટલા રૂપિયા ચૂકવવા પડે?

(A) ₹ ૬૦૦૦ (B) ₹ ૬૭૫૦

(C) ₹ ૭૫૦૦ (D) ₹ ૪૫૦૦

(૩) એક ઈંટની લંબાઈ ૨૨ સેમી છે. જો ૧૧૦ સેમી લાંબી સીધી હરોળ બનાવવી હોય, તો કેટલી ઈંટોને એકબીજાની અડીને ગોઠવવી પડે?

(A) ૪ ઈંટો (B) ૫ ઈંટો (C) ૬ ઈંટો (D) ૧૧ ઈંટો

(૪) જૂની ઈંટોનો ભાવ ₹ ૧૨૦૦ પ્રતિ હજાર ઇંટ છે અને નવી ઈંટોનો ભાવ ₹ ૧૮૦૦ પ્રતિ હજાર ઇંટ છે. જો ૫૦૦ જૂની ઇંટો અને ૫૦૦ નવી ઈંટો ખરીદવી હોય તો કુલ કેટલો ખર્ચ થાય?

(A) ₹ ૩૦૦૦ (B) ₹ ૧૦૦૦

(C) ₹ ૧૫૦૦ (D) ₹ ૧૮૦૦

(૫) એક કડિયાએ સવારે ૮:00 વાગ્યાથી ઈંટો ગોઠવવાનું શરૂ કર્યું. તે ૧ કલાકમાં ૫૦ ઈંટો ગોઠવે છે. જો તેણે ૩૦૦ ઈંટો ગોઠવવી હોય, તો તે કેટલા વાગ્યે કામ પૂરું કરશે?

(A) બપોરે ૧૨:00 વાગ્યે (B) બપોરે ૧:00 વાગ્યે

(C) બપોરે ૨:00 વાગ્યે (D) સાંજે ૪:00 વાગ્યે

(૬) કોષ્ટકમાં ત્રણ પ્રકારની ઈંટોના ભાવ આપ્યા છે:

| | |
|---|---|
| લાલ ઈંટો | ₹ ૨૦૦૦ (૧૦૦૦ ના) |
| પીળી ઈંટો | ₹ ૧૬૦૦ (૧૦૦૦ ના) |
| રાખોડી ઈંટો | ₹ ૧૪૦૦ (૧૦૦૦ ના) |

જો ૧૦૦૦ લાલ અને ૨૦૦૦ રાખોડી ઈંટો ખરીદવી હોય તો કુલ ખર્ચ કેટલો થાય?

(A) ₹ ૪૮૦૦ (B) ₹ ૩૪૦૦ (C) ₹ ૩૦૦૦ (D) ₹ ૫૪૦૦

(૭) ઈંટોની દીવાલ મજબૂત ક્યારે બને છે?

(A) બધી ઈંટો સીધી એકની ઉપર એક ગોઠવવાથી (B) ઈંટોની વચ્ચે ખાલી જગ્યા રાખવાથી

(C) ઈંટોને એકબીજાની ઉપર ક્રોસમાં ગોઠવવાથી (D) માત્ર અડધી ઈંટોનો ઉપયોગ કરવાથી

(૮)પાંચ અંકની સૌથી નાની સંખ્યા અને ચાર અંકની સૌથી નાની સંખ્યા વચ્ચેનો તફાવત શોધો .

(A) ૯૯૯૯ (B) ૯૦૦૦ (C) ૯૯૦૦ (D) ૯,૮૦૦

(૯) ૧૦000 મેળવવા માટે ૪૬૩૫ માં કેટલા ઉમેરવા પડે?

(A) ૫૩૫૫ (B) ૫૩૪૫ (C) ૫૩૬૫ (D) ૫૩૭૫

(૧૦) ૭૦૦૦ ની તરત પહેલાની સંખ્યામાં ૬૩૮ ઉમેરતા ………મળે .

(A) ૭૬૩૭ (B) ૭૬૩૮ (C) ૮૬૩૭ (D) ૮૬૩૮

(૧૧) ૫૦૫૦ ની તરત પહેલાની સંખ્યામાં ૩૦૦૦ ની તરત પછીની સંખ્યા ઉમેરતા શું મળે?

(A) ૯૦૫૦ (B) ૮૦૫૦ (C) ૯૫૦૦ (D) ૮૫૦૦

(૧૨) ૫,૦,૯,૮ માં દશક ના સ્થાને ઝીરો રાખી બનતી ચાર અંકની સૌથી મોટી સંખ્યા કઈ ?

(A) ૮૯૦૫ (B) ૯૮૦૫ (C) ૫૯૦૮ (D) ૯૫૦૮

(૧૩) નીચેનામાંથી કઈ સંખ્યામાં ૮ ની સ્થાનકિંમત ૮૦૦ છે ?

(A) ૬૮૩૬ (B) ૭૬૮૯ (C) ૬૨૩૮ (D) ૮૨૫૪

(૧૪) ૭૭૭૭ માં હજારના સ્થાન અને દશકના સ્થાનનો તફાવત કેટલો છે ?

(A) ૬૦૭૭ (B) ૭૭૦૭ (C) ૬૯૩૦ (D) ૭૦૦૭

(૧૫) ૬૩૪૨ ના એકમ અને દશકની સ્થાન કિંમત નો ગુણાકાર કેટલો થાય ?

(A) ૮૦૦ (B) ૮૦ (C) ૮ (D) ૮૦૦૦

(૧૬) ચાર અંકની સૌથી મોટી સંખ્યામાં સોના અંકની સ્થાન કિંમત કેટલી થાય ?

(A) ૯૦૦૦ (B) ૯૯૯ (C) ૯૦ (D) ૯૯૯૯

(૧૭) ૫૮૩૭ માં ૮ અને ૩ ની સ્થાન કિંમત નો સરવાળો કેટલો થાય?

(A) ૮૩૦૦ (B) ૮૦૩ (C) ૮૦૦૩ (D) ૮૩૦

(૧૮) ૭૩૬૮ માં હજાર અને દશક ના સ્થાનની અદલાબદલી કરતા મળતી સંખ્યા કઈ છે ?

(A) ૭૩૭૮ (B) ૬૩૭૮ (C) ૮૩૬૭ (D) ૭૩૬૮

(૧૯) ત્રણ અંકની સૌથી મોટી સંખ્યામાં ત્રણ અંક ની સૌથી નાની સંખ્યા ઉમેરતા શુ મળે ?

(A) ૯૯૯ (B) ૧૦૯૯ (C) ૧૦૯૯ (D) ૧૦૦૦

(૨૦) ગિરનાર પર્વતના કુલ પગથિયાં ચાર અંકની મોટામાં મોટી સંખ્યા જેટલા છે તો તે સંખ્યા કઈ ?

(A) ૧૦૦૦ (B) ૯૯૯૯ (C) ૮૬૮૬ (D) ૬૭૮૯

## પ્રકરણ - ૨: લાંબુ અને ટૂંકું

(૧) મીના પાસે ૧૫ સેમી લાંબી માપપટ્ટી **(Scale)** છે. તેણે ૬૦ સેમી લાંબી દોરી માપવી છે, તો તેણે માપપટ્ટીનો કેટલી વખત ઉપયોગ કરવો પડશે?

**(A)** ૩ વખત **(B)** ૪ વખત **(C)** ૫ વખત **(D)** ૬ વખત

(૨) એક બસ અમદાવાદથી બરોડા ૧૦૦ કિમી અંતર કાપે છે. જો તે દર કલાકે ૫૦ કિમી અંતર કાપતી હોય, તો તેને અમદાવાદથી બરોડા પહોંચતા કેટલો સમય લાગશે?

**(A)** ૧ કલાક **(B)** ૨ કલાક **(C)** ૩ કલાક **(D)** ૪ કલાક

(૩) ૪ મીટર અને ૪૦૦૦ સેન્ટીમીટર વચ્ચે શું સંબંધ છે?

**(A)** ૪ મીટર મોટું છે **(B)** ૪૦૦૦ સેમી મોટું છે

**(C)** બંને સરખા છે **(D)** સરખાવી ન શકાય

(૪) કીડીની લંબાઈ મિલીમીટરમાં મપાય છે, તો બે ગામ વચ્ચેનું અંતર શેમાં મપાશે?

**(A)** મીટર **(B)** સેન્ટીમીટર

**(C)** કિલોમીટર **(D)** મિલીમીટર

(૫) એક રમતવીર લાંબી કૂદમાં ૪ મીટર ૫૦ સેમી કૂદે છે. જો વિશ્વ રેકોર્ડ ૮ મીટર ૯૫ સેમી હોય, તો વિશ્વ રેકોર્ડ સુધી પહોંચવા તેણે વધુ કેટલું કૂદવું પડે?

**(A)** ૪ મીટર ૪૫ સેમી **(B)** ૩ મીટર ૪૫ સેમી

**(C)** ૪ મીટર ૫૦ સેમી **(D)** ૫ મીટર

(૬) ૩.૫ (સાડા ત્રણ) કિલોમીટર બરાબર કેટલા મીટર થાય?

**(A)** ૩૫૦ મીટર **(B)** ૩૦૫૦ મીટર

**(C)** ૩૫૦૦ મીટર **(D)** ૩૦૦૫ મીટર

(૭) એક નકશામાં ૧ સેમી બરાબર ૫ કિમી અંતર દર્શાવેલ છે. જો બે શહેરો વચ્ચેનું અંતર નકશામાં ૬ સેમી હોય, તો વાસ્તવિક અંતર કેટલું હશે?

**(A)** ૧૧ કિમી **(B)** ૩૦ કિમી **(C)** ૬૦ કિમી **(D)** ૧૫ કિમી

(૮) તમારા ઘરથી શાળાનું અંતર ૮૦૦ મીટર છે. તમે ઘરેથી શાળાએ જતાં અને આવતાં કુલ કેટલું અંતર કાપો છો?

(A) ૮૦૦ મીટર (B) ૧ કિલોમીટર

(C) ૧૬૦૦ કિલોમીટર (D) ૧ કિમી ૬૦૦ મીટર

(૯) નીચેનામાંથી કયું અંતર સૌથી ઓછું છે?

(A) ૫૦ મીટર (B) ૫ કિલોમીટર

(C) ૫૦૦ સેન્ટીમીટર (D) ૫૦૦ મિલીમીટર

## પ્રકરણ - 3: ભોપાલનો પ્રવાસ

(૧) ૫૦ સીટવાળી ૩ બસો અને ૩૦ સીટવાળી ૨ મિની બસો છે. જો કુલ ૧૯૦ વિદ્યાર્થીઓને પ્રવાસે લઈ જવાના હોય, તો કેટલી સીટ ખાલી રહેશે?

(A) ૧૦ સીટ (B) ૨૦ સીટ (C) ૩૦ સીટ (D) એકપણ નહીં

(૨) પેટ્રોલ પંપ પર ૧ લિટર ડીઝલનો ભાવ ₹ ૯૦ છે. ડ્રાઇવરે બસમાં ૫૦ લિટર ડીઝલ પુરાવ્યું અને ₹ ૫૦૦૦ આપ્યા, તો તેને કેટલા રૂપિયા પાછા મળશે?

(A) ₹ ૪૫૦૦ (B) ₹ ૫૦૦ (C) ₹ ૧૦૦૦ (D) ₹ ૪૦૦

(૩) બસ સવારે ૮:૦૦ વાગ્યે ઊપડે છે. રસ્તામાં ૧ કલાક જમવા માટે ઊભી રહે છે અને બપોરે ૧૨:૩૦ વાગ્યે ભોપાલ પહોંચે છે. તો બસ ખરેખર કેટલી કલાક ચાલી?

(A) ૪ કલાક ૩૦ મિનિટ (B) ૩ કલાક ૩૦ મિનિટ

(C) ૫ કલાક (D) ૪ કલાક

(૪) ભીમબેટકાની ગુફાઓમાં ચિત્રો ગણતાં ૩૭ હરણ અને ૧૧૭ જંગલી આખલા જોવા મળ્યા. જંગલી આખલાની સંખ્યા હરણ કરતા કેટલી વધારે છે?

(A) ૭૦ (B) ૮૦ (C) ૯૦ (D) ૧૫૪

(૫) એક બોટમાં ૧ વ્યક્તિનો વિહાર કરવાનો ચાર્જ 1 કલાકના ₹૫૦ છે. ૫ વ્યક્તિએ આ બોટમાં ૨ કલાક વિહાર કર્યો. તો તેઓએ કુલ કેટલા રૂપિયા ચૂકવ્યા હશે?

(A) ₹ ૧૦૦ (B) ₹ ૨૫૦ (C) ₹ ૫૦૦ (D) ₹ ૭૫૦

(૬) એક જૂથમાં કુલ ૫૦૦ લોકો છે. તેમાંથી અડધા લોકો સ્ત્રીઓ છે અને ૧૦૦ બાળકો છે. તો પુરુષોની સંખ્યા કેટલી હશે?

(A) ૧૫૦ (B) ૨૫૦ (C) ૨૦૦ (D) ૧૦૦

(૭) નર્મદા નદી પરના પુલની લંબાઈ ૭૦૦ મીટર છે. જો એક બસની લંબાઈ ૧૦ મીટર હોય, તો પુલ પર એક પાછળ એક એવી કેટલી બસો અડીને ઊભી રાખી શકાય?

(A) ૭ બસો (B) ૭૦ બસો (C) ૭૦૦ બસો (D) ૭૫ બસો

(૮) શિક્ષક ૪ વિદ્યાર્થીઓને એક પેકેટ બિસ્કિટ સરખે ભાગે વહેંચે છે. જો પેકેટમાં ૨૦ બિસ્કિટ હોય, તો દરેક વિદ્યાર્થીને કેટલા બિસ્કિટ મળશે?

(A) ૪ (B) ૫ (C) ૬ (D) ૮

(૯) જો બસ ૩ કલાકમાં ૧૨૦ કિલોમીટર અંતર કાપે છે, તો એક કલાકમાં કેટલું અંતર કપાયું ગણાય?

(A) ૪૦ કિમી (B) ૩૦ કિમી (C) ૫૦ કિમી (D) ૬૦ કિમી

(૧૦) નદીની સપાટી પુલથી ૪૦ મીટર નીચે છે. ચોમાસામાં પાણીનું સ્તર ૧૫ મીટર વધે છે તો હવે પાણીની સપાટી પુલથી કેટલી નીચે હશે?

(A) ૫૫ મીટર (B) ૩૫ મીટર (C) ૨૫ મીટર (D) ૧૫ મીટર

(૧૧) ટોટલ રન ૧૦૦૦૦ માંથી ૪૩ શતક બાદ કરતાં કેટલા રન થયા ?

(A) ૪૭૦૦ (B) ૫૭૦૦ (C) ૬૭૦૦ (D) ૭૭૦૦

(૧૨) વિરાટ કોહલીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૮૫ શતક બનાવ્યા છે તો તેને શતક દ્વારા કુલ કેટલા રન બનાવ્યા હશે ?

(A) ૮૫૦ (B) ૮૫૦૦ (C) ૫૮૦૦ (D) ૫૮૦

(૧૩) આપણા જિલ્લાના ખેલ મહાકુંભમાં કુલ ૧૦૦૦૦ બાળકોમાંથી રાજ્ય કક્ષાના મહાકુંભમાં ૨૩૦૦ બાળકો સિલેક્ટ થયા તો કેટલા બાળકો બાકી રહ્યા?

(A)૮૭૦૦ (B) ૭૭૦૦ (C) ૬૭૦૦ (D) ૯૭૦૦

(૧૪) શ્યામ ૩ ફૂટ લાંબો કૂદે છે જ્યારે દક્ષ એના કરતાં બમણો કૂદે છે તો બંને મળીને કુલ કેટલા ફુટ કૂદે છે ?

(A) ૬ ફુ (B) ૧૨ ફુટ (C) ૯ ફુટ (D) ૧૫ ફુટ

(૧૫) વિરાટ કોહલીએ ૭૬ મીટર લાંબો છગ્ગો માર્યો જ્યારે વૈભવ સૂર્યવંશી એ ૮૧૦૦ સેન્ટીમીટર લાંબો છગ્ગો માર્યો તો બંનેના માપનો કુલ અંતર કેટલું થાય?

(A) ૧૫૭ મીટર (B) ૧૪૭ મીટર

(C) ૧૬૭ મીટર D) ૧૮૭ મીટર

## પ્રકરણ - ૪: ટીક ટીક ટીક

(૧) ઘડિયાળમાં કલાક કાંટો ૪ અને ૫ ની વચ્ચે છે અને મિનિટ કાંટો ૬ પર છે. ઘડિયાળમાં કેટલા વાગ્યા હશે?

(A) ૫:30 (B) ૪:30 (C) ૬:૨૦ (D) ૪:0૬

(૨) બપોરના 3:30 વાગ્યાને ૨૪ કલાકવાળી ઘડિયાળ (રેલવે સમય) મુજબ કેવી રીતે લખાશે?

(A) 03:30 (B) ૧3:30 (C) ૧૫:30 (D) ૨3:30

(3) એક દવાની બોટલ પર ઉત્પાદન તારીખ જુલાઈ ૨0૨૨ (0૭/૨૨) છે અને સમાપ્તિ તારીખ (Expiry Date) જુલાઈ ૨0૨૪ (0૭/૨૪) છે. આ દવા કેટલા વર્ષ માટે વાપરવા યોગ્ય છે?

(A) ૧ વર્ષ (B) ૨ વર્ષ (C) 3 વર્ષ (D) ૪ વર્ષ

(૪) જો આજે ૧૫ ઓગસ્ટ હોય અને તે દિવસે મંગળવાર હોય, તો આવતા મંગળવારે કઈ તારીખ હશે?

(A) ૨0 ઓગસ્ટ (B) ૨૧ ઓગસ્ટ (C) ૨૨ ઓગસ્ટ

(D) ૨3 ઓગસ્ટ

(૫) ટીવી પર સમાચાર સવારે ૮:૧૫ વાગ્યે શરૂ થયા અને ૮:૪૫ વાગ્યે પૂરા થયા. સમાચાર કેટલી મિનિટ ચાલ્યા?

(A) ૧૫ મિનિટ (B) 30 મિનિટ

(C) ૪૫ મિનિટ (D) ૬0 મિનિટ

(૬) સુનીલ રોજ સવારે ૬:૦૦ વાગ્યે ઊઠે છે અને રાત્રે ૯:૩૦ વાગ્યે સૂઈ જાય છે. તે દિવસમાં કેટલા કલાક જાગતો હશે ?

(A) ૧૫ કલાક ૩૦ મિનિટ (B) ૧૪ કલાક ૩૦ મિનિટ

(C) ૧૬ કલાક (D) ૧૫ કલાક

(૭) ૧ કલાક અને ૩૦ મિનિટ માં કુલ કેટલી મિનિટ હોય છે?

(A) ૧૩૦ મિનિટ (B) ૬૦ મિનિટ

(C) ૯૦ મિનિટ (D) ૧૨૦ મિનિટ

(૮) વર્ષ ૨૦૨૪ ના ફેબ્રુઆરી મહિનામાં કેટલા દિવસ હશે?

(A) ૨૮ (B) ૨૯ (C) ૩૦ (D) ૩૧

(૯) રાધાને તેનું ગૃહકાર્ય કરવામાં ૪૫ મિનિટ લાગે છે. જો તેણે સાંજે ૫:૦૦ વાગ્યે ગૃહકાર્ય શરૂ કર્યું, તો તે કેટલા વાગ્યે પૂરું કરશે?

(A) ૫:૪૫ વાગ્યે (B) ૬:૦૦ વાગ્યે (C) ૫:૩૦ વાગ્યે (D) ૬:૪૫ વાગ્યે

(૧0) ઘડિયાળના ચંદા પર બે અંકો વચ્ચે .(૧૨ અને ૧ વચ્ચે) મિનિટ કાંટો પસાર થાય ત્યારે કેટલી મિનિટ પસાર થઈ ગણાય?

(A) ૧ મિનિટ (B) ૫ મિનિટ (C) ૧૦ મિનિટ (D) ૧૫ મિનિટ

(૧૧) સચિન રોજ અડધો કલાક દોડે છે તો અઠવાડિયામાં તે કેટલી મિનિટ દોડશે ?

(A) ૨૦૦ મિનિટ (B) ૩૦૦ મિનિટ (C) ૨૧૦ મિનિટ (D) ૩૧૦ મિનિટ

## પ્રકરણ - 5 દુનિયા જોવાનો રસ્તો

(૧) જો પાસાની ઉપરની સપાટી પર '૫' નો અંક હોય, તો બરાબર નીચેની સપાટી પર કયો અંક હશે?

(A) ૧ (B) ૨ (C) ૩ (D) ૪

(૨)એક રેલવે ટ્રેક  પર ઊભા રહીને દૂર સુધી નજર (પાટા)કરતાં તે કેવો દેખાશે?

(A) આગળ જતાં પહોળો દેખાય છે

(B) શરૂઆત જેટલો જ પહોળો દેખાય છે

(C) આગળ જતાં સાંકડો થઈને ભેગો થતો હોય તેવો દેખાય છે

(D) વાંકોચૂકો દેખાય છે

(૩)ટેબલ પર મૂકેલા એક રકાબી અને કપને બરાબર ઉપરથી જોતાં તેનો આકાર કેવો દેખાશે?

(A) લંબચોરસ (B) ત્રિકોણ

(C) એકબીજાની અંદર આવેલા બે વર્તુળ જેવો (ગોળ) (D) ચોરસ

(૪)નકશામાં હંમેશા ઉત્તર દિશા કઈ બાજુ દર્શાવવામાં આવે છે?

(A) નકશાની ડાબી બાજુ (B) નકશાની જમણી બાજુ

(C) નકશાની ઉપરની બાજુ (D) નકશાની નીચેની બાજુ

(૫)શાળાના મેદાનથી ગ્રામ પંચાયત પૂર્વ દિશામાં છે .   જો તમે શાળાથી પંચાયત તરફ જઈ રહ્યા છો, તો તમારી પીઠ કઈ દિશા તરફ હશે?

(A) ઉત્તર (B) દક્ષિણ (C) પૂર્વ (D) પશ્ચિમ

(૬)ચિત્રકામ કરતી વખતે એક બસને બરાબર સામેથી જોતાં તેમાં કયો ભાગ નહિ દેખાય?

(A) બસના આગળના કાચ (B) બસના આગળના બે ટાયર

(C) બસની લંબાઈ અને પાછળના ટાયર (D) બસની હેડલાઇટ

(૭) એક નકશામાં પ્રમાણમાપ ૧ સેન્ટિમીટર =૧૦ કિલોમીટર આપેલું છે. જો બે ગામ વચ્ચેનું અંતર નકશામાં ૪.૫ (સાડા ચાર) સેન્ટિમીટર હોય, તો બંને ગામ વચ્ચેનું સાચું અંતર કેટલું હશે?

(A) ૪૫ કિલોમીટર

(B) ૪૫૦ કિલોમીટર

(C) ૧૪૫ કિલોમીટર.

(D) ૪ કિલોમીટર

(૮) રમેશ તેના ઘરની બહાર નીકળીને જમણી બાજુ વળે છે અને સીધો ચાલે છે . જો તે અત્યારે દક્ષિણ દિશામાં જઈ રહ્યો હોય, તો તેના ઘરનો દરવાજો કઈ દિશામાં ખૂલતો હશે?

(A) પૂર્વ (B) પશ્ચિમ

(C) ઉત્તર (D) દક્ષિણ

(૯) એક સમઘન બંધ ખોખાને કાપીને પૂરેપૂરું ખોલી નાખવામાં આવે, તો તેમાંથી કેવો આકાર બનશે?

(A) ૬ અલગ અલગ વર્તુળ

(B) ૬ જોડાયેલા સમાન ચોરસ

(C) ૪ મોટા ત્રિકોણ

(D) ૪ લંબચોરસ અને ૨ વર્તુળ

## પ્રકરણ - ૬: ભંગાર વેચનાર

(૧) એક ભંગારવાળાનું ભાવપત્રક નીચે મુજબ છે:

પ્લાસ્ટિક - ₹ ૧૨/કિલો,

રદ્દી કાગળ - ₹ ૮/કિલો,

લોખંડ - ₹ ૨૫/કિલો.જો સુરેશભાઈ ૫ કિલો લોખંડ અને ૧૦ કિલો રદ્દી કાગળ વેચે, તો તેમને કુલ કેટલા રૂપિયા મળશે?

(A) ₹ ૧૨૫ (B) ₹ ૨૦૫ (C) ₹ ૮૦ (D) ₹ ૧૫૦

(૨)દિનુભાઈ એક જૂની સાયકલ ₹ ૧૫૦૦ માં ખરીદે છે અને ₹ ૨૫૦ નો ખર્ચ કરી તેને રિપેર કરાવે છે ત્યારબાદ તે સાયકલ .₹ ૨૦૦૦ માં વેચી દે છે, તો તેમને કેટલો નફો થયો હશે?

(A) ₹ ૫૦૦ (B) ₹ ૨૫૦

(C) ₹ ૭૫૦ (D) ₹ ૨૦૦

(૩)₹ ૫૦ ની કેટલી નોટો ભેગી કરીએ તો કુલ ₹ ૨૦૦૦ થાય?

(A) ૨૦ નોટો (B) ૪૦ નોટો

(C) ૫૦ નોટો (D) ૧૦૦ નોટો

(૪)એક વેપારી અખબાર (છાપા)₹ ૧૫ પ્રતિ કિલોના ભાવે ખરીદે છે અને મોટા કારખાનામાં ₹ ૧૭ પ્રતિ કિલોના ભાવે વેચે છેજો તે ૧૦૦ કિલો અખબાર વેચે ., તો તેને કેટલો નફો થાય?

(A) ₹ ૨૦૦ (B) ₹ ૧૫૦૦

(C) ₹ ૧૭૦૦ (D) ₹ ૧૦૦

(૫) કિરણ એક દુકાન શરૂ કરવા બેંકમાંથી ₹ ૮૦૦૦ ની લોન લે છે. તે ૬ મહિના સુધી દર મહિને ₹ ૧૫૦૦ લેખે બેંકને હપ્તો ચૂકવે છે. તો તેણે બેંકને લીધેલી લોન કરતાં કેટલા રૂપિયા વ્યાજ (વધારાના રૂપિયા) ચૂકવ્યું હશે?

(A) ₹ ૯૦૦૦ (B) ₹ ૧૦૦૦

(C) ₹ ૫૦૦ (D) ₹ ૧૫૦૦

(૬) રાકેશના ગલ્લામાંથી ₹ ૧૦૦ ની ૫ નોટો, ₹ ૫૦ ની ૩ નોટો અને ₹ ૨૦ ની ૪ નોટો નીકળે છેતો તેની પાસે કુલ કેટલા રૂપિયા ભેગા થયા હશે .?

(A) ₹ ૬૫૦ (B) ₹ ૭૩૦

(C) ₹ ૮૦૦ (D) ₹ ૭૫૦

(૭) ભંગારની દુકાને ૮ કિલો પ્લાસ્ટિક વેચ્યા પછી મીનાબેનને દુકાનદારે ₹ ૫૦ ની ૩ નોટો અને ₹ ૧૦ ની

૧ નોટ આપી. તો ૧ કિલો પ્લાસ્ટિકનો ભાવ શું ગણાયો હશે?

(A) ₹ ૧૫ (B) ₹ ૨૦

(C) ₹ ૨૫ (D) ₹ ૩૦

(૮) મનોજ એક ચા ની લારી ચલાવે છે તે રોજિંદા .₹ ૨૫૦ કમાય છે તે દર રવિવારે . રજા રાખે છે તો એક મહિનામાં તે કેટલા રૂપિયા કમાશે?

(A) ₹ ૬૦૦૦ (B) ₹ ૬૫૦૦

(C) ₹ ૭૫૦૦ (D) ₹ ૫૦૦૦

(૯) જો દુકાનદાર ૧ પેન ₹ ૧૦ માં ખરીદીને ₹ ૧૨ માં વેચે, તો આવી ૨ ડઝન (૨૪ પેન) વેચતા તેને કુલ કેટલા રૂપિયાનો નફો થાય?

(A) ₹ ૨૪ (B) ₹ ૪૮

(C) ₹ ૧૨ (D) ₹ ૩૬

(૧૦) ૫૦૦ ની ૧૦ નોટ ૨૦૦ ની ૮ નોટ અને ૧૦૦ ની ૧૨ નોટ હોય તો તમારી પાસે કુલ કેટલા રૂપિયા થાય ?

(A) ૭૮૦૦ (B) ૮૮૦૦

(C) ૯૮૦૦ (D) ૬૬૦૦

(૧૧) ૧૦૦ ની ૩૫ નોટો ભેગી કરવાથી કેટલા રૂપિયા બને ?

(A) ૩૫૦ (B) ૩૫

(C) ૩૫૦૦ (D) ૩૫૦૦૦

(૧૨) મીરા એક ડઝન નોટબૂક રૂપિયા ૩૬૦માં ખરીદે છે, તે એક નોટબુક ₹૨૦ માં વેચે તો તેને કેટલા રૂપિયા ખોટ જાય?

(A) ૧૦૦ (B) ૨૦૦

(C) ૧૨૦ (D) ૯૬

(૧૩) એક વેપારીએ એક કબાટ ૬૦૦૦ રૂપિયામાં વેચ્યો તો તેને ૫૦૦ રૂપિયા ખોટ ગઈ તો તે કબાટની મૂળ કિંમત કેટલી હશે ?

(A) ૫૫૦૦ (B) ૬૦૦૦

(C) ૬૫૦૦ (D) ૭૦૦૦

(૧૪) રિયા એ જૂનું લેપટોપ ૮૦૦૦ માં ખરીદ્યું. તેને રિપેર કરવા ૧૫૦૦ રૂપિયાનો ખર્ચ થયો તેણી આ લેપટોપ ₹૧૦,૦૦૦ માં વેચે તો તેને કેટલો નફો થાય કે ખોટ જાય ?

(A) ૫૦૦ રૂપિયા ખોટ (B) ૫૦૦ રૂપિયા નફો

(C) ૧૦૦૦ રૂપિયા નફો (D) ૧૦૦૦ રૂપિયા ખોટ

(૧૫) એક દુકાનદાર ૫૦૦ રૂપિયાના દરે ૧૦ ખુરશી અને ૪૦૦ રૂપિયાના દરે દશ ખુરશીની ખરીદી કરે છે તે ૫૦૦ રૂપિયા ના ભાવે બધી જ ખુરશી વેચે છે તો કેટલો નફો થશે?

(A) ૧૦૦૦ રૂપિયા (B) ૨૦૦૦ રૂપિયા

(C) ૩૦૦૦ રૂપિયા (D) ૪૦૦૦ રૂપિયા

## પ્રકરણ -૭: જગ અને મગ

(૧) એક બોટલમાં ૧ લિટર પ્રવાહી ભર્યું છે તો ૫ બોટલમાં કેટલા મિલીલિટર પ્રવાહી થાય?

(A) ૫૦૦ મિલિ (B) ૫૦ મિલિ

(C) ૫૦૦૦ મિલિ (D) ૫૦,૦૦૦ મિલિ

(૨)આંખમાં નાખવાની દવાની નાની બોટલ પર દવાનું માપ જોતાં કયા એકમમાં દર્શાવવામાં આવેલ હશે?

(A) લિટર (B) કિલોગ્રામ (C) મિલિલિટર (D) મીટર

(૩)૫ લિટર શરબત ભરેલા જગમાંથી ૨૫૦ મિલિના માપના કેટલા ગ્લાસ પૂરેપૂરા ભરી શકાય?

(A) ૧૦ ગ્લાસ (B) ૧૫ ગ્લાસ

(C) ૨૦ ગ્લાસ (D) ૨૫ ગ્લાસ

(૪) રાધાના ઘરે દરરોજ ૨.૫ (અઢી) લિટર દૂધ આવે છે. તો એક અઠવાડિયા પછી તેણે કુલ કેટલા લિટર દૂધના પૈસા ચૂકવવા પડે?

(A) ૧૪ લિટર (B) ૧૭.૫ લિટર

(C) ૧૫.૫ લિટર (D) ૧૮ લિટર

(૫)એક દર્દીને ડૉક્ટરે રોજ સવારે, બપોરે અને સાંજે એમ ત્રણ વખત ૫ મિલિ દવા પીવાનું કહ્યું છેજો દવાની બોટલ ૧૫૦ મિલિની હોય ., તો આ દવા કેટલા દિવસ ચાલશે?

(A) ૩૦ દિવસ (B) ૧૫ દિવસ

(C) ૧૦ દિવસ (D) ૨૦ દિવસ

(૬) એક પાણીની ટાંકીમાં ૫૦૦ લિટર પાણી ભરેલું છે. તેમાંથી દિવસ દરમિયાન ઘરકામમાં ૩૭૫ લિટર પાણી વપરાઈ ગયું, તો હવે બીજા દિવસે ઘરકામ માટે કેટલું પાણી ટાંકીમાં ઉમેરવું પડશે?

(A) ૧૨૫ લિટર (B) ૨૫૦ લિટર

(C) ૧૫૦ લિટર (D) ૭૫ લિટર

(૭) દૂધવાળા પાસે માપવા માટે માત્ર ૩ લિટર અને ૫ લિટરના જ માપિયાં છે. જો ગ્રાહક ૪ લિટર દૂધ માંગે, તો તે ચોક્કસ માપ કઈ રીતે કાઢશે?

(A) ૫ લિટર ભરીને તેમાંથી ૩ લિટર પાછું કાઢી લેશે, વધેલું ૨ લિટર ગ્રાહકને આપશે. આવું બે વાર કરશે.

(B) ૩ લિટરનું માપિયું અડધું ભરશે.

(C) ૫ લિટર ભરીને આશરે થોડું કાઢી લેશે.

(D) ૩ લિટરના માપિયામાં બીજું ૩ લિટર ઉમેરશે.

(૮) શરબત બનાવવાની એક રીત મુજબ, ૧ ગ્લાસ શરબત બનાવવા ૨૦૦ મિલિ પાણી અને ૫૦ મિલિ લીંબુનો રસ જોઈએ છે. તો આવા ૫ ગ્લાસ શરબત બનાવવા માટે કુલ કેટલા મિલિ પ્રવાહી (પાણી + રસ) ભેગું થશે?

(A) ૨૫૦ મિલિ (B) ૧૦૦૦ મિલિ

(C) ૧૨૫૦ મિલિ (D) ૧૫૦૦ મિલિ

(૯) નીચે આપેલા વાસણોમાંથી કયા વાસણની પ્રવાહી સમાવવાની ક્ષમતા (ગુંજાશ) સૌથી વધુ હશે?

(A) પાણી પીવાનો ગ્લાસ (B) ચા નો કપ

(C) નહાવાની ડોલ (D) પાણીનો જગ

(૧૦) ૧ લિટરની પાણીની બોટલ ભરેલી હતી. તેમાંથી રિયાએ ૪૦૦ મિલિ અને તેના ભાઈએ ૩૦૦ મિલિ પાણી પીધું. તો બોટલમાં હવે કેટલા મિલિ પાણી વધ્યું હશે?

(A) ૨૦૦ મિલિ (B) ૩૦૦ મિલિ

(C) ૭૦૦ મિલિ (D) ૧૦૦ મિલિ

(૧૧) ૮૦ લિટર તેલમાંથી ૨૦૦ મિલિ તેલની કેટલી બોટલ ભરી શકાય ?

(A) ૩૦ બોટલ (B) ૪૦ બોટલ

(C) ૩૨ બોટલ (D) ૬૦ બોટલ

(૧૨) અમુલ ડેરીના ૩૦૦ લિટર દૂધમાંથી ૧૫૦ લિટર અને ૫૦૦ મિલી દૂધની મીઠાઈ બની ગઈ તો હવે કેટલું દૂધ બાકી રહ્યું?

(A) ૧૬૦ લિટર ૫૦૦ મિલી (B) ૧૬૯ લિટર ૫૦૦ મિલી

(C) ૧૪૯ લિટર ૫૦૦ મિલી (D) ૧૩૯ લિટર ૫૦૦ મિલી

(૧૩) ૧૦૦૦ લિટર ની ટાંકી અડધો ભાગ ભરેલી છે તો તેમાં કેટલા લિટર પાણી હશે ?

(A) ૩૦૦ લિટર (B) ૪૦૦ લિટર (C) ૫૦૦ લિટર (D) ૬૦૦ લિટર

(૧૪) એક લખોટીનું વજન ૧૦ ગ્રામ છે તો ૮૨૩૦ ગ્રામ વજન ના બોક્સમાં કેટલી લખોટી હશે?

(A) ૮૨૦૦ લખોટી (B) ૮૨૩ લખોટી

(C) ૨૩૦ લખોટી (D) ૮૨૩૦ લખોટી

(૧૫) એક કેકનું વજન ૧ કિગ્રા અને ૨૦૦ ગ્રામ છે તો આવા છ કેકનું વજન કેટલું થાય?

(A) ૯૨૦૦ ગ્રામ (B) ૮૨૦૦ ગ્રામ

(C) ૬૨૦૦ ગ્રામ (D) ૭૨૦૦ ગ્રામ

## પ્રકરણ - ૮: ગાડું અને પૈડાં

(૧) બે વર્તુળ દોરેલા છે. મોટા વર્તુળનો વ્યાસ નાના વર્તુળની ત્રિજ્યા કરતાં ૪ ગણો છે. જો નાના વર્તુળની ત્રિજ્યા ૫ સેમી હોય, તો મોટા વર્તુળનો વ્યાસ કેટલો હશે?

(A) ૧૦ સેમી (B) ૨૦ સેમી (C) ૪૦ સેમી (D) ૫૦ સેમી

(૨) રમેશે એક દોરીની મદદથી વર્તુળ દોર્યું. જો દોરીની લંબાઈ ૧૫ સેમી હોય, તો વર્તુળની બરાબર મધ્યમાંથી પસાર થતી સીધી રેખા (વ્યાસ) ની લંબાઈ કેટલી થાય?

(A) ૧૫ સેમી (B) ૩૦ સેમી (C) ૪૫ સેમી (D) ૭.૫ સેમી

(૩) એક બળદગાડાના પૈડાનો વ્યાસ ૧૨૦ સેમી છે અને ટ્રેક્ટરના નાના પૈડાની ત્રિજ્યા ૬૦ સેમી છે. આમાંથી કયું પૈડું મોટું હશે?

(A) બળદગાડાનું (B) ટ્રેક્ટરનું

(C) બંને સરખા હશે (D) કહી ન શકાય

(૪) એક થાળી અને બંગડી બંને ગોળ છે. થાળીની ત્રિજ્યા બંગડીની ત્રિજ્યા કરતાં ૫ ગણી છે. જો થાળીનો વ્યાસ ૪૦ સેમી હોય, તો બંગડીની ત્રિજ્યા કેટલી હશે?

**(A)** ૮ સેમી **(B)** ૪ સેમી **(C)** ૫ સેમી **(D)** ૨૦ સેમી

(૫) મેદાનમાં વર્તુળાકાર દોડવાના ટ્રેકની મધ્યમાં એક થાંભલો છે. થાંભલાથી ટ્રેકનું અંતર ૨૦ મીટર છે. તો ટ્રેક પર એકબીજાની બરાબર સામસામે ઉભા રહેલા બે બાળકો વચ્ચેનું સીધું અંતર કેટલું થશે?

**(A)** ૨૦ મીટર **(B)** ૪૦ મીટર **(C)** ૮૦ મીટર **(D)** ૧૦ મીટર

(૬) એક કાગળ પર પરિકરની મદદથી ૬ સેમી ત્રિજ્યાવાળું એક વર્તુળ દોરવામાં આવ્યું છે. આ વર્તુળની અંદર વધુમાં વધુ કેટલી લંબાઈની સીધી રેખા દોરી શકાય?

**(A)** ૬ સેમી **(B)** ૯ સેમી **(C)** ૧૨ સેમી **(D)** ૧૮ સેમી

(૭ ) એક લંબચોરસ કાગળની લંબાઈ ૨૦ સેમી અને પહોળાઈ ૧૦ સેમી છે. તેમાંથી વધુમાં વધુ કેટલા વ્યાસવાળું વર્તુળ કાપી શકાય?

**(A)** ૨૦ સેમી **(B)** ૫ સેમી **(C)** ૧૦ સેમી **(D)** ૧૫ સેમી

(૮) મીના પાસે ૩ જુદી જુદી લંબાઈની દોરી છે: **A** = ૫ સેમી, **B** = ૭ સેમી, **C** = ૪ સેમી. કઈ દોરીથી દોરેલા વર્તુળનો વ્યાસ ૧૦ સેમી થશે?

**(A)** દોરી **A** **(B)** દોરી **B** **(C)** દોરી **C** **(D)** ત્રણેયમાંથી એકેય નહિ

(૯) ૪ સેમી ત્રિજ્યાવાળા એક વર્તુળની અંદર બીજું એક વર્તુળ એવું દોરવું છે જે મોટા વર્તુળની કિનારીને અડે નહિ. તો નાના વર્તુળનો વ્યાસ વધુમાં વધુ કેટલો હોઈ શકે?

**(A)** ૮ સેમી **(B)** ૯ સેમી **(C)** ૭ સેમી **(D)** ૧૦ સેમી

## પ્રકરણ - ૯: અડધું અને પા

(૧) એક કેકના ૮ સરખા ભાગ કરવામાં આવ્યા. તેમાંથી મહેશે ૨ ભાગ અને સુરેશે ૩ ભાગ ખાધા. તો કેકનો કેટલો ભાગ વધ્યો હશે?

**(A)** ૩/૮ **(B)** ૫/૮ **(C)** ૧/૨ **(D)** ૧/૪

(૨) ૨ ડઝન કેળામાંથી ચોથા ભાગના કેળા બગડી ગયા. તો કેટલા કેળા ખાવાલાયક હશે?

**(A)** ૬ **(B)** ૧૮ **(C)** ૧૨ **(D)** ૮

(૩) એક લિટર દૂધમાંથી અડધો લિટર દૂધ ખીર બનાવવામાં અને પા લિટર દૂધ ચા બનાવવામાં વપરાઈ ગયું. હવે કેટલું દૂધ બાકી રહ્યું હશે?

(A) ૨૫૦ મિલિ (B) ૫૦૦ મિલિ (C) ૭૫૦ મિલિ (D) ૧૦૦ મિલિ

(૪) શાળાના ૬૦ વિદ્યાર્થીઓમાંથી અડધા વિદ્યાર્થીઓ ક્રિકેટ રમે છે, બાકી વધેલામાંથી અડધા ફૂટબોલ રમે છે અને બાકીના બેસી રહ્યા છે. તો કેટલા વિદ્યાર્થીઓ ફૂટબોલ રમતા હશે?

(A) ૩૦ (B) ૧૫ (C) ૪૫ (D) ૨૦

(૫) એક લંબચોરસ કાગળને બરાબર વચ્ચેથી ૩ વખત વાળવામાં આવે, તો કાગળ ખોલતા તેના પર કુલ કેટલા સરખા ખાનાં (ભાગ) દેખાશે?

(A) ૩ (B) ૪ (C) ૬ (D) ૮

(૬) ટામેટાનો ભાવ ₹ ૪૦ પ્રતિ કિલો છે. જો મારે 3/૪ (પોણો ) કિલો ટામેટા ખરીદવા હોય, તો કેટલા રૂપિયા ચૂકવવા પડે?

(A) ₹ ૧૦ (B) ₹ ૨૦ (C) ₹ ૩૦ (D) ₹ ૪૦

(૭) ૨ મીટર લાંબી પટ્ટીમાંથી અડધા-અડધા મીટરના કેટલા ટુકડા કાપી શકાય?

(A) ૨ (B) ૪ (C) ૬ (D) ૮

(૮) એક દિવસના 3/૪ (પોણા) ભાગમાં કેટલી કલાક થાય?

(A) ૧૨ કલાક (B) ૧૮ કલાક (C) ૬ કલાક (D) ૨૪ કલાક

(૯) મીના પાસે ૧૦૦ રૂપિયા છે. તેણે તેમાંથી ચોથા ભાગના (૧/૪) રૂપિયાની પેન ખરીદી અને અડધા ભાગના (૧/૨) રૂપિયાની ચોપડી ખરીદી. તેની પાસે કેટલા રૂપિયા વધ્યા હશે?

(A) ₹ ૨૫ ) ₹ ૫૦ (C) ₹ ૭૫ (D) ₹ ૦

(૧૦) એક આકૃતિના ૪ સરખા ભાગમાંથી ૧ ભાગમાં રંગ પૂરેલો છે. જો આખી આકૃતિનું ક્ષેત્રફળ ૨૦ ચો.સેમી હોય, તો રંગ પૂરેલા ભાગનું ક્ષેત્રફળ કેટલું થશે?

(A) ૪ ચો.સેમી (B) ૫ ચો.સેમી

(C) ૧૦ ચો.સેમી (D) ૧૫ ચો.સેમી

## પ્રકરણ - ૧૦: ભાત (પેટર્ન)ની રમત

(૧) પેટર્ન પૂરી કરો: ૨, ૫, ૧૦, ૧૭, ૨૬, ___

(A) ૩૫ (B) ૩૭ (C) ૩૯ (D) ૪૧

(૨) જો A = 1, B = 2, C = 3 ... હોય, તો 'MATH' શબ્દનો કુલ સરવાળો કેટલો થશે?

(A) ૪૦ (B) ૪૨ (C) ૪૫ (D) ૪૮

(૩) પેટર્ન ઓળખી આગળ વધારો: 1A, 3C, 5E, 7G, ___

(A) 9H (B) 8I (C) 9I (D) 10I

(૪) એક ગુપ્ત સંદેશમાં 'HELLO' ને 'IFMMP' (દરેક અક્ષર પછીનો અક્ષર) લખાય છે. તો તે જ ભાષામાં 'CAT' ને શું લખાશે?

(A) DBU (B) BAT (C) DOG (D) EBU

(૫) નીચેની સંખ્યા પેટર્નમાં કઈ સંખ્યા ખોટી છે? ૫, ૧૦, ૧૫, ૨૦, ૨૬, ૩૦

(A) ૧૫ (B) ૨૦ (C) ૨૬ (D) ૩૦

(૬) એક ત્રિકોણની પેટર્નમાં, પહેલી હરોળમાં ૧ ટપકું, બીજીમાં ૩ ટપકાં, ત્રીજીમાં ૬ ટપકાં છે. તો ચોથી હરોળમાં કેટલા ટપકાં હશે?

(A) ૯ (B) ૧૦ (C) ૧૨ (D) ૧૫

(૭) દીવાસળીથી બનાવેલી પેટર્નમાં પ્રથમ આકૃતિમાં ૩, બીજીમાં ૫, ત્રીજીમાં ૭ દીવાસળી વપરાય છે. ૫મી આકૃતિ બનાવવામાં કેટલી દીવાસળી વપરાશે?

(A) ૯ (B) ૧૧ (C) ૧૩ (D) ૧૫

(૮) ખાલી જગ્યા પૂરો: ૧૦૦, ૯૦, ૭૫, ૫૫, ___

(A) ૪૦ (B) ૩૫ (C) ૩૦ (D) ૨૫

(૯) મૂળાક્ષરની પેટર્ન આગળ વધારો: A, Z, B, Y, C, X, ___ , ___

(A) D, V (B) D, W (C) E, W (D) W, D

(૧૦) એક બ્લોક ડિઝાઇન એવી છે કે દર બીજી ટાઇલ્સ ૯૦ અંશ ઘડિયાળની દિશામાં ફરે છે. જો પહેલી ટાઇલ્સનું તીર ઉપરની તરફ (ઉત્તર) હોય, તો પાંચમી ટાઇલ્સનું તીર કઈ દિશામાં હશે?

(A) ઉત્તર (B) પૂર્વ (C) દક્ષિણ (D) પશ્ચિમ

(૧૧) ૭ ૧૪ ૨૧ ૨૮....... શ્રેણીમાં કઈ સંખ્યા નો સમાવેશ થતો નથી ?

(A) ૩૫ (B) ૪૨ (C) ૫૦ (D) ૪૯

(૧૨) નીચે આપેલી શ્રેણીમાંથી કયો વિકલ્પ ખોટો છે?

(A) ૩,૬,૯,૧૨,૧૫..... (B) ૨,૪,૬,૮,૧૦.....

(C) ૪,૮,૧૨,૧૬,૨૦..... (D) ૫,૮,૧૦,૧૨,૧૫.....

## પ્રકરણ - ૧૧: ઘડિયા અને ભાગાકાર

(૧) એક સભામાં ૨૦૦ ખુરશીઓ ગોઠવવાની છે. જો એક હરોળમાં ૧૫ ખુરશીઓ ગોઠવીએ, તો કેટલી હરોળ પૂરેપૂરી ભરાશે અને કેટલી ખુરશીઓ બાકી રહેશે?

(A) ૧૨ હરોળ, ૨૦ ખુરશી (B) ૧૩ હરોળ, ૫ ખુરશી

(C) ૧૪ હરોળ, ૦ ખુરશી (D) ૧૫ હરોળ, ૫ ખુરશી

(૨) રમેશ દરરોજ બચત ગલ્લામાં સમાન રકમ નાખે છે. જો ૨૮ દિવસમાં તેના ગલ્લામાં ₹ ૨૫૨ જમા થયા હોય, તો તે રોજ કેટલા રૂપિયા નાખતો હશે?

(A) ₹ ૭ (B) ₹ ૮ (C) ₹ ૯ (D) ₹ ૧૦

(૩) એક દુકાનદાર પાસે ૪૫૦ ચોકલેટ છે. તે એક પેકેટમાં ૧૨ ચોકલેટ ભરે છે. બધી ચોકલેટ ભરવા માટે તેને ઓછામાં ઓછા કેટલા પેકેટની જરૂર પડશે?

(A) ૩૭ (B) ૩૮ (C) ૩૯ (D) ૪૦

(૪) દેડકો એક કૂદકામાં ૩ પગથિયાં કૂદે છે અને સસલું ૫ પગથિયાં કૂદે છે. જો બંને શૂન્ય (0) થી કૂદવાનું શરૂ કરે, તો કયા પગથિયા પર બંને એકસાથે ભેગા થશે?

**(A)** ૮ **(B)** ૧૦ **(C)** ૧૫ **(D)** ૨૦

(૫) ૧000 પાનાના એક પુસ્તકમાંથી દરરોજ ૨૫ પાના વાંચવામાં આવે, તો આ પુસ્તક પૂરી કરતાં કેટલા દિવસ લાગશે?

**(A)** ૨૫ **(B)** ૪૦ **(C)** ૫૦ **(D)** ૪૦૦

(૬) ૧૦ કિલોગ્રામ લાડુમાંથી ૫૦ ગ્રામના એક એવા કેટલા લાડુ બનાવી શકાય?

**(A)** ૨૦ **(B)** ૫૦ **(C)** ૨૦૦ **(D)** ૫૦૦

(૭) મીરા પાસે ₹ ૫૦૦ છે. તે ₹ ૩૫ ની એક એવી કેટલી ડાયરી વધુમાં વધુ ખરીદી શકશે અને તેની પાસે કેટલા રૂપિયા બાકી રહેશે?

**(A)** ૧૪ ડાયરી, ₹ ૧૦ બાકી **(B)** ૧૫ ડાયરી, ₹ ૦ બાકી

**(C)** ૧૩ ડાયરી, ₹ ૪૫ બાકી **(D)** ૧૪ ડાયરી, ₹ ૦ બાકી

(૮) એક ખોખામાં સફરજનની ૪ લાઈન છે અને દરેક લાઈનમાં સમાન સફરજન છે. જો ખોખામાં કુલ ૯૬ સફરજન હોય, તો દરેક લાઈનમાં કેટલા સફરજન હશે?

**(A)** ૨૨ **(B)** ૨૪ **(C)** ૨૬ **(D)** ૨૮

(૯) કોઈ એક સંખ્યાને ૮ વડે ગુણીને પરિણામમાંથી ૧૫ બાદ કરતા ૪૯ મળે છે, તો તે સંખ્યા કઈ?

**(A)** ૬ **(B)** ૭ **(C)** ૮ **(D)** ૯

## પ્રકરણ - ૧૨: કેટલું ભારે? કેટલું હલકું?

(૧) એક ત્રાજવાના એક પલ્લામાં ૨ કિલોગ્રામ અને ૫૦૦ ગ્રામના વજનિયા છે. બીજા પલ્લામાં ૨૫૦ ગ્રામના કેટલા વજનિયા મૂકવાથી ત્રાજવું સમતોલ થશે?

**(A)** ૮ **(B)** ૧૦ **(C)** ૧૨ **(D)** ૪

(૨) એક હાથીનું વજન ૩૦૦૦ કિલોગ્રામ છે. જો એક ગાયનું વજન ૩૦૦ કિલોગ્રામ હોય, તો એક હાથીના વજન બરાબર કેટલી ગાયોનું વજન થાય?

(A) ૧૦ (B) ૨૦ (C) ૧૦૦ (D) ૫૦

(૩) પોસ્ટ ઓફિસમાં પાર્સલ મોકલવાનો ચાર્જ પહેલા ૫૦ ગ્રામ માટે ₹ ૨૦ અને ત્યારબાદના દરેક ૫૦ ગ્રામ માટે ₹ ૧૦ છે. જો ૨૦૦ ગ્રામનું પાર્સલ મોકલવું હોય, તો કેટલો ચાર્જ લાગશે?

(A) ₹ ૪૦ (B) ₹ ૫૦ (C) ₹ ૬૦ (D) ₹ ૮૦

(૪) એક ડબ્બામાં ૧૫ કિલો તેલ છે. તેમાંથી ૫૦૦ ગ્રામની ક્ષમતાવાળી કેટલી બોટલો પૂરેપૂરી ભરી શકાય?

(A) ૧૫ (B) ૨૦ (C) ૩૦ (D) ૩૫

(૫) શાકવાળા પાસે ૧ કિલો અને ૫૦૦ ગ્રામના જ વજનિયા છે. ગ્રાહકે ૩.૫ કિલો બટાકા માંગ્યા. તો તે ક્યા વજનિયાનો ઉપયોગ કરી વજન કરશે?

(A) ૧ કિલોના ૨ અને ૫૦૦ ગ્રામના ૩ (B) ૧ કિલોના ૩ અને ૫૦૦ ગ્રામનું ૧

(C) ૧ કિલોના ૪ (D) ૧ કિલોનું ૧ અને ૫૦૦ ગ્રામના ૪

(૬) એક સોનાના સિક્કાનું વજન ૧૦ ગ્રામ છે. જો દીપેન્દ્ર પાસે ૧.૫ કિલોગ્રામ સોનું હોય, તો તેમાંથી ૧૦ ગ્રામના કેટલા સિક્કા બની શકે?

(A) ૧૫ (B) ૧૫૦ (C) ૧૫૦૦ (D) ૧૦૫

(૭) નીચેનામાંથી કઈ વસ્તુનું વજન ગ્રામમાં માપવું સૌથી યોગ્ય રહેશે?

(A) માણસનું વજન (B) તરબૂચનું વજન

(C) એલચીનું વજન (D) ઘઉંની ગુણનું વજન

(૮) ૪ કિલોગ્રામ અને ૨૫૦ ગ્રામ ખાંડની કિંમત ₹ ૧૭૦ છે, તો ૧ કિલોગ્રામ ખાંડનો ભાવ કેટલો હશે?

(A) ₹ ૩૦ (B) ₹ ૪૦ (C) ₹ ૫૦ (D) ₹ ૬૦

(૯) એક ખાલી ટિફિનનું વજન ૨૫૦ ગ્રામ છે. તેમાં જમવાનું ભર્યા પછી તેનું કુલ વજન ૧ કિલો અને ૧૦૦ ગ્રામ થઈ ગયું. તો અંદર ભરેલા જમવાનું વજન કેટલું હશે?

(A) ૭૫૦ ગ્રામ (B) ૮૦૦ ગ્રામ (C) ૮૫૦ ગ્રામ (D) ૯૦૦ ગ્રામ

(૧૦) ૫ રૂપિયાના એક સિક્કાનું વજન ૯ ગ્રામ છે. રમેશ પાસે રહેલા સિક્કાઓનું કુલ વજન ૯ કિલોગ્રામ છે. તો તેની પાસે કુલ કેટલા રૂપિયા હશે?

(A) ₹ ૧૦૦૦ (B) ₹ ૫૦૦૦

(C) ₹ ૯૦૦૦ (D) ₹ ૪૫૦૦૦

## પ્રકરણ - ૧૩: ખેતર અને તેની ફરતે વાડ

(૧) એક ચોરસ ખેતરની લંબાઈ ૨૫ મીટર છે. તેની ફરતે કાંટાળા તારની ૩ હરોળવાળી વાડ કરવા માટે કુલ કેટલો તાર જોઈશે?

(A) ૧૦૦ મીટર (B) ૨૦૦ મીટર

(C) ૩૦૦ મીટર (D) ૭૫ મીટર

(૨) એક લંબચોરસ બગીચાની લંબાઈ ૪૦ મીટર અને પહોળાઈ ૨૦ મીટર છે. રવિ આ બગીચાની ફરતે ૨ ચક્કર લગાવે છે, તો તેણે કુલ કેટલું અંતર કાપ્યું હશે?

(A) ૧૨૦ મીટર (B) ૨૪૦ મીટર (C) ૬૦ મીટર (D) ૮૦૦ મીટર

(૩) ત્રિકોણ આકારના એક ખેતરની ત્રણેય બાજુના માપ અનુક્રમે ૧૫ મીટર, ૨૦ મીટર અને ૨૫ મીટર છે. જો વાડ કરવાનો ખર્ચ પ્રતિ મીટર ₹ ૧૦ હોય, તો કુલ ખર્ચ કેટલો થાય?

(A) ₹ ૪૦૦ (B) ₹ ૫૦૦

(C) ₹ ૬૦૦ (D) ₹ ૭૫૦

(૪) ૧૦૦ મીટર લાંબા તારમાંથી એક સરખી લંબાઈની બાજુવાળો પંચકોણ બનાવવામાં આવ્યો. તો પંચકોણની દરેક બાજુની લંબાઈ કેટલી હશે?

(A) ૧૦ મીટર (B) ૨૦ મીટર

(C) ૨૫ મીટર (D) ૫૦ મીટર

(૫) નીચેનામાંથી કયા આકારની પરિમિતિ સૌથી વધુ હશે?

(A) ૧૦ સેમી બાજુવાળો ચોરસ

(B) ૧૨ સેમી લંબાઈ અને ૫ સેમી પહોળાઈનો લંબચોરસ

(C) ૧૫ સેમી બાજુવાળો સમબાજુ ત્રિકોણ

(D) ૮ સેમી બાજુવાળો નિયમિત ષટ્કોણ

(૬) એક ખેતરની પરિમિતિ ૧૫૦ મીટર છે. જો તેની ત્રણ બાજુઓનું માપ ૪૦ મીટર, ૩૦ મીટર અને ૫૦ મીટર હોય, તો ચોથી બાજુનું માપ કેટલું હશે?

(A) ૨૦ મીટર (B) ૩૦ મીટર

(C) ૪૦ મીટર (D) ૫૦ મીટર

(૭) ૨૦ સેમી લંબાઈના એક ચોરસ કાગળમાંથી ૫ સેમી લંબાઈનો એક નાનો ચોરસ તેના એક ખૂણામાંથી કાપી લેવામાં આવે, તો નવા આકારની પરિમિતિ કેટલી થશે?

(A) ઘટી જશે (B) વધી જશે

(C) પહેલા જેટલી જ રહેશે (૮૦ સેમી) (D) ૬૦ સેમી થઈ જશે

(૮) જો ૧ મીટર બાજુવાળા ૬ ચોરસ ટેબલને ભેગા કરીને એક સીધું લાંબુ લંબચોરસ ટેબલ બનાવવામાં આવે, તો નવા બનેલા લાંબા ટેબલની પરિમિતિ કેટલી હશે?

(A) ૨૪ મીટર (B) ૧૪ મીટર

(C) ૧૨ મીટર (D) ૨૦ મીટર

(૯) એક દોડવીર ૪૦૦ મીટરના ગોળ ટ્રેક પર ૫ કિલોમીટરની દોડ પૂરી કરવા માંગે છે. તો તેણે ટ્રેકના કેટલા પૂરા ચક્કર મારવા પડે?

(A) ૧૦ (B) ૧૨

(C) ૧૨.૫ (D) ૧૩

(૧૦) ૫ સેમી × ૫ સેમી ના બે ચોરસને બાજુબાજુમાં જોડીને એક નવો લંબચોરસ આકાર બનાવ્યો. આ નવા આકારની હદની લંબાઈ (પરિમિતિ) શું થશે?

(A) ૪૦ સેમી (B) ૩૦ સેમી

(C) ૨૫ સેમી (D) ૨૦ સેમી

## પ્રકરણ - ૧૪: સ્માર્ટ ચાર્ટ

(૧) એક વર્ગના ૪૦ વિદ્યાર્થીઓના મનપસંદ ફળનો ચાર્ટ બનાવ્યો. જો ૧/૪ વિદ્યાર્થીઓને કેરી, ૧/૨ વિદ્યાર્થીઓને સફરજન અને બાકીનાને કેળા પસંદ હોય, તો કેળા પસંદ કરતા વિદ્યાર્થીઓ કેટલા હશે?

(A) ૧૦ (B) ૨૦ (C) ૩૦ (D) ૫

(૨) એક વર્તુળ આલેખ (પાય ચાર્ટ) માં લાલ રંગનો ભાગ અડધો છે, લીલો ભાગ ચોથો છે. તો બાકી રહેલો પીળો ભાગ આખા વર્તુળનો કેટલો ભાગ હશે?

(A) ૧/૨ (B) ૧/૪ (C) ૩/૪ (D) ૧/૩

(૩) એક સ્તંભ આલેખમાં ૧ સેમી = ૧૦ વિદ્યાર્થીઓ દર્શાવે છે. જો ધોરણ ૪ નો સ્તંભ ૬.૫ સેમી ઊંચો હોય, તો ધોરણ ૪ માં કેટલા વિદ્યાર્થીઓ હશે?

(A) ૬૦ (B) ૬૫ (C) ૭૦ (D) ૭૫

(૪) વર્ગના બાળકોએ ટીવી કાર્યક્રમો વિશે માહિતી ભેગી કરી. ૫૦ બાળકો કાર્ટૂન જુએ છે, ૨૦ બાળકો સમાચાર અને ૩૦ બાળકો રમત-ગમત જુએ છે. જો આને વર્તુળ આલેખમાં દર્શાવવામાં આવે તો કયો કાર્યક્રમ અડધું વર્તુળ રોકશે?

(A) સમાચાર (B) રમત-ગમત (C) કાર્ટૂન (D) એકપણ નહીં

(૫) રાઘવ પાસે ગાય=૧૫, ભેંસ=૨૦, બકરી=૧૦ છે. કયા બે પ્રાણીઓની સંખ્યા ભેગી કરીએ તો તે ત્રીજા પ્રાણી કરતા બમણી (૨ ગણી) થાય?

(A) ગાય અને બકરી (B) ગાય અને ભેંસ

(C) ભેંસ અને બકરી (D) કોઈ નહિ

(૬) ટ્રાફિક સિગ્નલ પાસે ૧ કલાકમાં પસાર થયેલા વાહનો: સાયકલ-૪૦, સ્કૂટર-૬૦, કાર-૨૦. જો આનો સ્તંભ આલેખ બનાવવો હોય અને ૧ સેમી બરાબર ૧૦ વાહન લઈએ, તો સ્કૂટરનો સ્તંભ કેટલો ઊંચો થશે?

(A) ૨ સેમી (B) ૪ સેમી

(C) ૬ સેમી (D) ૧૦ સેમી

(૭ ) એક દુકાનદારે સોમવારે ૨૦ પેન, મંગળવારે ૧૦ પેન અને બુધવારે ૧૦ પેન વેચી. આ માહિતીનો વર્તુળ આલેખ (પાય ચાર્ટ) બનાવીએ તો કયા દિવસનો ભાગ વર્તુળનો બરાબર અડધો ભાગ રોકશે?

(A) સોમવાર (B) મંગળવાર

(C) બુધવાર (D) મંગળવાર અને બુધવાર બંને ભેગા થઈને

## જવાબવહી

### પ્રકરણ - ૧: ઇંટોની ઈમારત

(૧) (A) ૪ પૂરા ફેરા, ૫૦૦ ઈંટો બાકી રહેશે

(૨) (B) ₹ ૬૭૫૦

(૩) (B) ૫ ઈંટો

(૪) (C) ₹ ૧૫૦૦

(૫) (C) બપોરે ૨:૦૦ વાગ્યે

(૬) (A) ₹ ૪૮૦૦

(૭) (C) ઈંટોને એકબીજાની ઉપર ક્રોસ (Pattern) માં ગોઠવવાથી

(૮) (B) ૯૦૦૦

(૯) (C) ૫૩૬૫

(૧૦) (A) ૭૬૩૭

(૧૧) (B) ૮૦૫૦

(૧૨) (B) ૯૮૦૫

(૧૩) (A) ૬૮૩૬

(૧૪) (B) ૬૯૩૦

(૧૫) (B) ૮૦

(૧૬) (C) ૯૦૦

(૧૭) (D) ૮૩૦

(૧૮) (B) ૬૩૭૮

(૧૯) (B) ૧૦૯૯

(૨૦) (B) ૯૯૯૯

### પ્રકરણ - ૨: લાંબુ અને ટૂંકું

(૧) (B) ૪ વખત

(૨) (B) ૨ કલાક

(૩) (B) ૪૦૦૦ સેમી મોટું છે

(૪) (C) કિલોમીટર

(૫) (A) ૪ મીટર ૪૫ સેમી

(૬) (C) ૩૫૦૦ મીટર

(૭) (B) ૩૦ કિમી

(૮) (D) ૧ કિલોમીટર ૬૦૦ મીટર

(૯) (D) ૫૦૦ મિલીમીટર

### પ્રકરણ - ૩: ભોપાલનો પ્રવાસ

(૧) (B) ૨૦ સીટ

(૨) (B) ₹ ૫૦૦

(૩) (B) ૩ કલાક ૩૦ મિનિટ

(૪) (B) ૮૦

(૫) (C) ₹ ૫૦૦.

(૬) (A) ૧૫૦

(૭) (B) ૭૦ બસો

(૮) (B) ૫

(૯) (A) ૪૦ કિમી

(૧૦) (C) ૨૫ મીટર

(૧૧) (B) ૮૫૦૦

(૧૨) (B) ૫૭૦૦

(૧૩) (B) ૭૭૦૦

(૧૪) (C) ૯ ફુટ

(૧૫) (A) ૧૫૭ મીટર

પ્રકરણ - ૪: ટીક ટીક ટીક

(૧) (B) ૪:૩૦

(૨) (C) ૧૫:૩૦

(૩) (B) ૨ વર્ષ

(૪) (C) ૨૨ ઓગસ્ટ

(૫) (B) ૩૦ મિનિટ

(૬) (A) ૧૫ કલાક ૩૦ મિનિટ

(૭) (C) ૯૦ મિનિટ

(૮) (B) ૨૯

(૯) (A) ૫:૪૫ વાગ્યે

(૧૦) (B) ૫ મિનિટ

(૧૧) (C) ૨૧૦ મિનિટ

પ્રકરણ - ૫: દુનિયા જોવાનો રસ્તો

(૧) (B) ૨

(૨) (C) આગળ જતાં સાંકડો થઈને ભેગો થતો હોય તેવો દેખાય છે

(૩) (C) એકબીજાની અંદર આવેલા બે વર્તુળ (ગોળ) જેવો

(૪) (C) નકશાની ઉપરની બાજુ

(૫) (D) પશ્ચિમ

(૬) (C) બસની લંબાઈ અને પાછળના ટાયર

(૭) (A) ૪૫ કિલોમીટર

(૮) (A) પૂર્વ

(૯) (B) ૬ જોડાયેલા સમાન ચોરસ

પ્રકરણ - ૬: ભંગાર વેચનાર

(૧) (B) ₹ ૨૦૫

(૨) (B) ₹ ૨૫૦

(૩) (B) ૪૦ નોટો

(૪) (A) ₹ ૨૦૦

(૫) (B) ₹ ૧૦૦૦

(૬) (B) ₹ ૭૩૦

(૭) (B) ₹ ૨૦

(૮) (B) ₹ ૬૫૦૦

(૯) (B) ₹ ૪૮

(૧૦) (A) ૭૮૦૦

(૧૧) (C) ૩૫૦૦

(૧૨) (c) ૧૨૦

(૧૩) (C) ૬૫૦૦

(૧૪) (B) ૫૦૦ રૂપિયા નફો

(૧૫) (A) ૧૦૦૦ રૂપિયા

પ્રકરણ - ૭: જગ અને મગ

(૧) (C) ૫૦૦૦ મિલિ

(૨) (C) મિલિલિટર (મિલિ)

(૩) (C) ૨૦ ગ્લાસ

(૪) (B) ૧૭.૫ લિટર

(૫) (C) ૧૦ દિવસ

(૬) (B) ૨૫૦ લિટર

(૭) (A) ૫ લિટર ભરીને તેમાંથી ૩ લિટર પાછું કાઢી લેશે, વધેલું ૨ લિટર ગ્રાહકને આપશે. આવું બે વાર કરશે.

(૮) (C) ૧૨૫૦ મિલિ

(૯) (C) નહાવાની ડોલ

(૧૦) (B) ૩૦૦ મિલિ

(૧૧) (B) ૪૦ બોટલ

(૧૨) (C) ૧૪૯ લિટર ૫૦૦ મિલી

(૧૩) (C) ૫૦૦ લીટર

(૧૪) (B) ૮૨૩ લખોટી

(૧૫) (D) ૭૨૦૦ ગ્રામ

પ્રકરણ - ૮: ગાડું અને પૈડાં

(૧) (B) ૨૦ સેમી

(૨) (B) ૩૦ સેમી

(૩) (C) બંને સરખા હશે

(૪) (B) ૪ સેમી

(૫) (B) ૪૦ મીટર

(૬) (C) ૧૨ સેમી

(૭) (C) ૧૦ સેમી

(૮) (A) દોરી A

(૯) (C) ૭ સેમી

પ્રકરણ - ૯: અડધું અને પા

(૧) (A) ૩/૮

(૨) (B) ૧૮

(૩) (A) ૨૫૦ મિલિ

(૪) (B) ૧૫

(૫) (D) ૮

(૬) (C) ₹ ૩૦

(૭) (B) ૪

(૮) (B) ૧૮ કલાક

(૯) (A) ₹ ૨૫

(૧૦) (B) ૫ ચો.સેમી

પ્રકરણ - ૧૦: ભાત (પેટર્ન)ની રમત

(૧) (B) ૩૭

(૨) (B) ૪૨

(૩) (c) 9I

(૪) (A) DBU

(૫) (C) ૨૬

(૬) (B) ૧૦

(૭) (B) ૧૧

(૮) (C) ૩૦

(૯) (B) D, W

(૧૦) (A) ઉત્તર

(૧૧) (D) ૫,૮,૧૦,૧૨,૧૫.....

પ્રકરણ - ૧૧: ઘડિયા અને ભાગાકાર

(૧) (B) ૧૩ હરોળ, ૫ ખુરશી

(૨) (C) ₹ ૯

(૩) (B) ૩૮

(૪) (C) ૧૫

(૫) (B) ૪૦

(૬) (C) ૨૦૦

(૭) (A) ૧૪ ડાયરી, ₹ ૧૦ બાકી

(૮) (B) ૨૪

(૯) (C) ૮

પ્રકરણ - ૧૨: કેટલું ભારે? કેટલું હલકું?

(૧) (B) ૧૦

(૨) (A) ૧૦

(૩) (B) ₹ ૫૦

(૪) (C) ૩૦

(૫) (B) ૧ કિલોના ૩ અને ૫૦૦ ગ્રામનું ૧

(૬) (B) ૧૫૦

(૭) (C) એલચીનું વજન

(૮) (B) ₹ ૪૦

(૯) (C) ૮૫૦ ગ્રામ

(૧૦) (B) ₹ ૫૦૦૦

પ્રકરણ - ૧૩: ખેતર અને તેની ફરતે વાડ

(૧) (C) ૩૦૦ મીટર

(૨) (B) ૨૪૦ મીટર

(૩) (C) ₹ ૬૦૦

(૪) (B) ૨૦ મીટર

(૫) (D) ૮ સેમી બાજુવાળો નિયમિત ષટ્કોણ

(૬) (B) ૩૦ મીટર

(૭) (C) પહેલા જેટલી જ રહેશે (૮૦ સેમી)

(૮) (B) ૧૪ મીટર

(૯) (C) ૧૨.૫

(૧૦) (B) ૩૦ સેમી

પ્રકરણ - ૧૪: સ્માર્ટ ચાર્ટ

(૧) (A) ૧૦

(૨) (B) ૧/૪

(૩) (B) ૬૫

(૪) (C) કાર્ટૂન

(૫) (C) ભેંસ અને બકરી

(૬) (C) ૬ સેમી

(૭) (A) સોમવાર

# પર્યાવરણ

**૧. રમેશભાઈએ જોયું કે એક પક્ષી વૃક્ષના થડમાં ચાંચ મારીને કીડા શોધી રહ્યું છે અને તેનું શરીર વૃક્ષની છાલ સાથે ભળી જાય તેવા રંગનું છે. આ પક્ષી વિશે શું સાચું છે?**

(A) તે તળાવમાં તરવા માટે અનુકૂળ છે

(B) તેનો રંગ તેને શિકારીઓથી બચવામાં અને ખોરાક શોધવામાં મદદ કરે છે

(C) તે રાત્રે જ જોઈ શકે છે

(D) તે માત્ર ફળો જ ખાય છે

**૨. સીમાના ઘરમાં એક બિલાડીએ બચ્ચાં આપ્યા છે. બિલાડી તેના બચ્ચાંને દૂધ પવડાવે છે અને શરીર પર વાળ ધરાવે છે. આ પરથી બિલાડી કયા વર્ગનું પ્રાણી કહેવાય?**

(A) સરીસૃપ (પેટે ઘસડાતું)

(B) આકાશમાં ઊડતું પક્ષી

(C) આંચળવાળું (સસ્તન) પ્રાણી

(D) જળચર પ્રાણી

**૩. જો કોઈ વિસ્તારના બધા જ સાપ નાશ પામે, તો ખેતરમાં કઈ વ્યવહારિક સમસ્યા ઊભી થશે?**

(A) પાકને પાણી ઓછું મળશે

(B) ઉંદરની સંખ્યા વધી જવાથી પાકને ભારે નુકસાન થશે

(C) જમીનની ફળદ્રુપતા વધી જશે

(D) ખાતરની જરૂર પડશે નહીં

**૪. એક પક્ષીના પગના પંજા આંગળીઓ વચ્ચે ત્વચાથી જોડાયેલા (જાળીદાર) છે. આ પક્ષીનો મુખ્ય આવાસ ક્યાં હોવાની શક્યતા સૌથી વધુ છે?**

(A) ઘીચ જંગલમાં ઊંચા વૃક્ષો પર

(B) રણપ્રદેશની રેતીમાં

(C) તળાવ કે નદી જેવા જળાશયમાં

(D) ગુફાના અંધારામાં

**૫. ચીંટી અને તેની ટુકડી લાઈનમાં ચાલે છે. જો રસ્તામાં પેન્સિલ મૂકીને તેમનો રસ્તો રોકવામાં આવે, તો ચીંટીઓ શું કરશે?**

(A) ત્યાં જ રોકાઈને પાછી વળી જશે

(B) પેન્સિલની ઉપરથી કે બાજુમાંથી ગંધ પારખીને નવો રસ્તો બનાવશે

(C) પેન્સિલને ખાઈ જશે

(D) ઉડીને સામે પાર જશે

**૬. રોહન બે અલગ-અલગ છોડના પાંદડા જુએ છે. છોડ 'અ' ના પાંદડા ખૂબ મોટા અને પહોળા છે, જ્યારે છોડ 'બ' ના પાંદડા કાંટા જેવા નાના છે. છોડ 'બ' કયા વિસ્તારનો હોઈ શકે?**

(A) ખૂબ વરસાદ વાળા જંગલનો

(B) પાણીની અંદર ઊગતો

(C) રણપ્રદેશનો જ્યાં પાણીની અછત હોય

(D) બરફાચ્છાદિત પર્વતનો

**૭. તુલસી, ફુદીનો અને લીમડો - આ ત્રણેય વનસ્પતિઓમાં કયો સમાન ગુણધર્મ રહેલો છે?**

(A) ત્રણેયના ફળ ખૂબ મીઠા હોય છે

(B) ત્રણેય ઔષધીય (દવા તરીકે) ગુણધર્મો ધરાવે છે

(C) ત્રણેય વેલા સ્વરૂપે વધે છે

(D) ત્રણેયને ઉગાડવા પાણીની જરૂર પડતી નથી

**૮. જો શાળાના મેદાનમાં ઘટાદાર વૃક્ષ વાવવામાં આવે, તો તેનાથી વિદ્યાર્થીઓને કયો સીધો પર્યાવરણીય અને વ્યવહારિક ફાયદો થશે?**

(A) રમવા માટે છાંયડો મળશે અને ઓક્સિજન શુદ્ધ મળશે

(B) શાળાનું મકાન મોટું થઈ જશે

(C) વરસાદ પડતો બંધ થઈ જશે

(D) પ્લાસ્ટિકનો કચરો ઓછો થશે

**૯. લીમડાના પાંદડાની કિનારી કરવત જેવી ખાંચાવાળી હોય છે, જ્યારે કેળાના પાંદડા ખૂબ મોટા અને લીસા હોય છે. આ પરથી શું તારણ નીકળે?**

(A) બધી વનસ્પતિના પાંદડાનો આકાર અને બનાવટ અલગ હોય છે

(B) કેળાનું ઝાડ લીમડા કરતાં વધુ મજબૂત છે

(C) લીમડો માત્ર શિયાળામાં જ ઊગે છે

(D) પાંદડા માત્ર લીલા જ રંગના હોય છે

**૧૦. પૃથ્વી પરથી જો બધી જ વનસ્પતિ ગાયબ થઈ જાય, તો માનવજાત પર તેની સૌથી ગંભીર અસર કઈ પડશે?**

(A) આપણને પહેરવા માટે કપડાં નહીં મળે

(B) શ્વાસોચ્છવાસ માટે ઓક્સિજન અને ખોરાકની અછત સરજાશે

(C) ઘર બનાવવાની જગ્યા નહીં રહે

(D) વાહનો ચાલી શકશે નહીં

**૧૧. સુરેશભાઈ નળ ચાલુ રાખીને બ્રશ કરે છે, જ્યારે રમેશભાઈ ટમ્બલરમાં પાણી લઈને બ્રશ કરે છે. કઈ વ્યક્તિની ટેવ પર્યાવરણ અનુકૂળ છે?**

(A) સુરેશભાઈની, કારણ કે તેનાથી દાંત વધુ સાફ થાય છે

(B) રમેશભાઈની, કારણ કે તેનાથી પાણીનો વ્યય અટકે છે

(C) બંનેની ટેવ સરખી જ છે

(D) એકપણની ટેવ યોગ્ય નથી

**૧૨. ચોમાસામાં છત પર પડતા વરસાદના પાણીને પાઈપ દ્વારા ભૂગર્ભ ટાંકામાં એકઠું કરવામાં આવે છે. આ પદ્ધતિને શું કહેવાય?**

(A) જળ પ્રદૂષણ

(B) રેન વોટર હારવેસ્ટિંગ (વરસાદી જળ સંચય)

(C) વોટર પ્યુરિફિકેશન

(D) બાષ્પીભવન

**૧૩. કપડાં ધોયા પછી વધેલા સાબુવાળા પાણીનો કયો પુનઃઉપયોગ (Reuse) સૌથી વધુ યોગ્ય ગણાશે?**

(A) તેને પીવાના પાણીમાં ભેળવવું

(B) તેનાથી શૌચાલય કે ઘર આંગણાની સફાઈ કરવી

(C) તેને શાકભાજી ધોવામાં વાપરવું

(D) છોડના મૂળમાં દરરોજ રેડવું

**૧૪. ઉનાળામાં માટલાનું પાણી ઠંડુ કેમ રહે છે?**

(A) માટલામાં રહેલા સૂક્ષ્મ છિદ્રોમાંથી પાણીનું ધીમું બાષ્પીભવન થાય છે

(B) માટલું માટીનું બનેલું હોવાથી તેમાં બરફ ઉત્પન્ન થાય છે

(C) માટલું સૂર્યપ્રકાશને અંદર આવવા દેતું નથી

(D) માટલાની અંદર કેમિકલ હોય છે

**૧૫. ગામના તળાવનું પાણી દૂષિત થવાનું મુખ્ય માનવસર્જિત કારણ કયું હોઈ શકે?**

(A) તળાવમાં માછલીઓ તરવી

(B) ચોમાસામાં વરસાદ પડવો

(C) તળાવમાં ઢોર-ઢાંખર નવડાવવા અને કપડાં ધોવા

(D) તળાવ કિનારે વૃક્ષો વાવવા

**૧૬. દાદીમાના દાંત નબળા પડી ગયા છે. તેમના માટે નીચેનામાંથી કયો ખોરાક પચવામાં અને ખાવામાં સૌથી સરળ રહેશે?**

(A) કડક રોટલો અને આખા ચણા

(B) દાળમાં પલાળેલી નરમ રોટલી કે ખીચડી

(C) કાચા જામફળ અને સૂકો મેવો

(D) તળેલા પાપડ અને મકાઈ

**૧૭. નીચેનામાંથી કઈ રાંધવાની પદ્ધતિ ખોરાકના પોષક તત્ત્વો જાળવી રાખવા માટે સૌથી વધુ આરોગ્યપ્રદ ગણાય છે?**

(A) તેલમાં ઊંડે સુધી તળવું (Frying)

(B) વરાળથી બાફવું (Steaming)

(C) ખુલ્લા કોલસા પર સળગાવવું

(D) વધુ પડતું મસાલેદાર બનાવવું

**૧૮. સોલાર કૂકર (સૂર્યકૂકર) માં ખોરાક રાંધવાથી કયો પર્યાવરણીય ફાયદો થાય છે?**

(A) રસોઈ ખૂબ ઝડપથી બની જાય છે

(B) બળતણ (ગેસ/લાકડા) ની બચત થાય છે અને ધુમાડો થતો નથી

(C) રાત્રે પણ રસોઈ બનાવી શકાય છે

(D) ખોરાક વધુ મસાલેદાર બને છે

**૧૯. જો આપણે દરરોજ માત્ર બટાટા અને તળેલી વસ્તુઓ જ ખાઈએ અને શાકભાજી-ફળો ન ખાઈએ તો શું થાય?**

(A) શરીરને બધા વિટામિન્સ મળી રહે

(B) શરીરમાં કુપોષણ અને આળસ આવે તથા પાચન બિગડે

(C) મગજ ખૂબ તેજ થાય

(D) શરીર ક્યારેય બીમાર ન પડે

**૨૦. દૂધમાંથી દહીં, માખણ, ઘી અને પનીર બને છે. આ વાનગીઓને શું કહેવાય?**

(A) અનાજજન્ય ખોરાક

(B) ડેરી પેદાશો (દૂધની બનાવટો)

(C) કઠોળ

(D) મસાલા

**૨૧. પર્વતીય અને વધુ વરસાદ વાળા વિસ્તારોમાં ઘરોના છાપરાં ઢાળવાળા કેમ રાખવામાં આવે છે?**

(A) ઘર સુંદર દેખાય તે માટે

(B) વરસાદનું પાણી અને બરફ છત પર જમા ન થાય અને સરી જાય

(C) ઘરની અંદર ગરમી વધારવા માટે

(D) પક્ષીઓને બેસવામાં સરળતા રહે તે માટે

**૨૨. કચ્છ જેવા ભૂકંપ સંભવિત વિસ્તારમાં ભૂંગા (ગોળાકાર ઘર) શા માટે બનાવવામાં આવે છે?**

(A) ગોળાકાર આકાર ભૂકંપના આંચકા સહન કરી શકે છે અને અંદર ઠંડક રહે છે

(B) તે બનાવવામાં ખૂબ મોંઘા હોય છે

(C) તેમાં બારીઓ હોતી નથી

(D) તેમાં માત્ર એક જ માણસ રહી શકે છે

**૨૩. વિશાખાના પરિવારમાં તેના માતા-પિતા, દાદા-દાદી, કાકા-કાકી અને પિતરાઈ ભાઈ-બહેન એક જ ઘરમાં રહે છે. આ કેવા પ્રકારનું કુટુંબ છે?**

(A) વિભક્ત કુટુંબ (માત્ર માતા-પિતા અને બાળકો)

(B) સંયુક્ત કુટુંબ

(C) એકલ વાલી કુટુંબ

(D) અસ્થાયી કુટુંબ

**૨૪. દિવ્યાંગ વ્યક્તિ (જે જોઈ શકતી નથી) રસ્તો ઓળંગતી વખતે કયા સાધનનો ઉપયોગ કરે છે?**

(A) લાલ ચશ્મા

(B) સફેદ લાકડી (White Cane)

(C) કાનનું મશીન

(D) વ્હીલ ચેર

**૨૫. બ્રેઈલ લિપિ (Braille Script) વિશે શું સાચું છે?**

(A) તે કાગળ પર છાપેલા અક્ષરો વાંચવાની રીત છે

(B) તે ઉપસેલા છ (૬) ટપકાં પર આધારિત સ્પર્શ દ્વારા વાંચવાની લિપિ છે

(C) તે માત્ર સાંભળીને શીખાય છે

(D) તે કમ્પ્યુટરની ભાષા છે

**૨૬. રણપ્રદેશમાં મુસાફરી કરવા અને માલસામાનની હેરફેર કરવા માટે કયા પ્રાણીનો ઉપયોગ સૌથી યોગ્ય છે?**

(A) ઘોડો

(B) ઊંટ

(C) બળદ

(D) હાથી

**૨૭. શહેરની ટ્રાફિક સમસ્યા અને વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે નાગરિકોએ કયા વાહનનો ઉપયોગ વધારવો જોઈએ?**

(A) દરેક વ્યક્તિએ પોતાની અલગ કાર વાપરવી

(B) જાહેર બસ સેવા (Public Transport) કે સાયકલ

(C) પેટ્રોલથી ચાલતા સ્કૂટર

(D) મોટા ટ્રક

**૨૮. ટ્રાફિક સિગ્નલ પર 'લાલ રંગ' ની લાઈટ શું સૂચવે છે?**

(A) વાહન ઝડપથી ચલાવો

(B) વાહન થોભાવી દો (રોકાઈ જાવ)

(C) વાહન ધીમું કરો

(D) હોર્ન વગાડો

**૨૯. જો તમારા વિસ્તારમાં અચાનક આગ લાગે, તો તમે મદદ માટે કયા ઈમરજન્સી નંબર પર કોલ કરશો?**

(A) ૧૦૦ (પોલીસ)

(B) ૧૦૧ (ફાયર બ્રિગેડ)

(C) ૧૦૮ (એમ્બ્યુલન્સ)

(D) ૧૦૯૮ (ચાઈલ્ડ હેલ્પલાઈન)

**૩૦. પ્રાચીન સમયમાં સંદેશો મોકલવા માટે કયા પક્ષીનો ઉપયોગ થતો હતો?**

(A) મોર

(B) કબૂતર

(C) પોપટ

(D) કાગડો

**૩૧. તમારા ઘરમાં ભેગો થતો કચરો બે ભાગમાં વહેંચવો જોઈએ: ભીનો કચરો અને સૂકો કચરો. શાકભાજીના છોતરાં કયા કચરામાં આવશે?**

(A) સૂકા કચરામાં

(B) ભીના (જૈવિક વિઘટનીય) કચરામાં જેનું ખાતર બની શકે

(C) પ્લાસ્ટિકના ડબ્બામાં

(D) કાચના વાસણમાં

**૩૨. શાકભાજી ખરીદવા જતી વખતે પર્યાવરણની સુરક્ષા માટે કઈ બાબત શ્રેષ્ઠ છે?**

(A) દુકાનદાર પાસેથી દર વખતે નવી પ્લાસ્ટિકની થેલી લેવી

(B) ઘરેથી કાપડની થેલી સાથે લઈ જવી

(C) શાકભાજી કાગળ વગર હાથમાં જ લાવવી

(D) પ્લાસ્ટિકની બે થેલીઓ ભેગી વાપરવી

**૩૩. નદી કિનારે પ્લાસ્ટિકની બોટલો ફેંકવાથી કઈ ગંભીર અસર થાય છે?**

(A) નદીનું પાણી શુદ્ધ થાય છે

(B) જળચર જીવો (માછલીઓ વગેરે) પ્લાસ્ટિક ગળી જવાથી મૃત્યુ પામી શકે છે

(C) નદીમાં પાણી વધી જાય છે

(D) જમીન વધુ ફળદ્રુપ બને છે

**૩૪. હવા આપણી આસપાસ છે પરંતુ આપણે તેને જોઈ શકતા નથી. આપણે હવાની હાજરી ક્યારે અનુભવી શકીએ છીએ?**

(A) જ્યારે રૂમમાં અંધારું હોય

(B) જ્યારે પંખો ચાલુ થાય કે વૃક્ષના પાંદડા હલે

(C) જ્યારે આપણે પાણી પીતા હોઈએ

(D) જ્યારે સૂર્ય ઊગે

**૩૫. દિવાળી કે ઉત્સવોમાં ફટાકડા ફોડવાથી કયા બે પ્રકારના પ્રદૂષણ થાય છે?**

(A) જળ પ્રદૂષણ અને જમીન પ્રદૂષણ

(B) હવા (વાયુ) પ્રદૂષણ અને અવાજ (ધ્વનિ) પ્રદૂષણ

(C) પ્રકાશ પ્રદૂષણ અને ઉષ્મા પ્રદૂષણ

(D) માત્ર અવાજ પ્રદૂષણ

**૪૧. એક પક્ષીની ચાંચ વળેલી અને ધારદાર છે, જે માસ ચીરવા માટે ઉપયોગી છે. આ પક્ષી કયું હોઈ શકે અને તેનો ખોરાક શું હશે?**

(A) પોપટ - ફળ અને મરચાં

(B) બાજ/ગરુડ - નાના પ્રાણીઓ અને માંસ

(C) હંસ - પાણીની વનસ્પતિ

(D) દેવચકલી - અનાજના દાણા

**૪૨. હોલા અને કબૂતર અનાજના દાણા ખાવા માટે કયા પ્રકારની ચાંચ ધરાવે છે?**

(A) લાંબી અને પાતળી સુઈ જેવી

(B) ટૂંકી, મજબૂત અને શંકુ આકારની

(C) પહોળી અને ચપટી ચાળણી જેવી

(D) ખૂબ મોટો થેલો ધરાવતી

**૪૩. જંગલમાં રહેતા પ્રાણીઓ રાત્રે અંધારામાં પણ પોતાના શિકાર કે રસ્તાને કેવી રીતે ઓળખી શકે છે?**

(A) તીવ્ર શ્રવણશક્તિ (સાંભળવાની) અને સુંઘવાની ક્ષમતાથી

(B) ટોર્ચનો ઉપયોગ કરીને

(C) માત્ર દિવસના અનુભવના આધારે

(D) આકાશના તારા જોઈને

**૪૪. ગાય અને ભેંસ જેવા પ્રાણીઓ ખોરાક ખાધા પછી શાંતિથી બેસીને મોં હલાવે છે, જેને 'વાગોળવું' કહેવાય છે. આ પ્રક્રિયાથી પ્રાણીને શું ફાયદો થાય છે?**

(A) તેમનો સમય પસાર થાય છે

(B) ઉતાવળમાં ગળી ગયેલો ખોરાક ફરી મોંમાં લાવીને બરાબર ચાવી શકાય છે, જેથી પાચન સરળ બને

(C) તેમના દાંત મજબૂત થાય છે

(D) તેમને ઊંઘ આવતી નથી

**૪૫. ગરોળી શિયાળાની ઋતુમાં ઘરમાં ખૂબ ઓછી જોવા મળે છે. તેનું મુખ્ય વૈજ્ઞાનિક કારણ શું છે?**

(A) તે શિયાળામાં બીજા દેશમાં ઊડી જાય છે

(B) તે ઠંડીથી બચવા માટે શીતનિદ્રા (લાંબી ઊંઘ) માં જતી રહે છે

(C) શિયાળામાં ગરોળી મૃત્યુ પામે છે

(D) તે પાણીની અંદર રહેવા જતી રહે છે

**૪૬. સુમિતે એક છોડને કુંડામાં વાવ્યો અને તેને અંધારા રૂમમાં મૂકીને દરરોજ પાણી પાયું. ૧૦ દિવસ પછી છોડ પીળો પડીને કરમાઈ ગયો. આ પરથી શું સાબિત થાય છે?**

(A) છોડને માત્ર પાણીની જ જરૂર છે

(B) છોડના વિકાસ માટે સૂર્યપ્રકાશ અત્યંત જરૂરી છે

(C) કુંડામાં છોડ ક્યારેય ઊગી શકે નહીં

(D) છોડને દરરોજ ખાતર આપવું પડે

**૪૭. વડના ઝાડ પરથી નીચે લટકતી દાસીઓ (વડવાઈ) વાસ્તવમાં વનસ્પતિનો કયો ભાગ છે?**

(A) તેની સુંદર શાખાઓ

(B) વૃક્ષને મજબૂતી આપતા આકાશમાંથી જમીન તરફ ઊગતા મૂળ

(C) વડના વિશેષ ફળ

(D) સૂકાઈ ગયેલા પાંદડા

**૪૪. ગુલાબ, મહેંદી અને જાસૂદ એ કયા પ્રકારની વનસ્પતિના ઉદાહરણો છે?**

(A) ખૂબ ઊંચા વૃક્ષો

(B) મધ્યમ ઊંચાઈ ધરાવતા ક્ષુપ (છોડથી મોટા, વૃક્ષથી નાના)

(C) જમીન પર પથરાતી વેલ

(D) પાણીમાં તરતી જળચળ વનસ્પતિ

**૪૯. ચોમાસામાં ભીની જમીન પર લીલા રંગની પાતળી પથારી પથરાઈ જાય છે, જેને આપણે 'લીલ' કહીએ છીએ. લીલ વિશે શું સાચું છે?**

(A) તે એક પ્રકારનો પ્લાસ્ટિકનો કચરો છે

(B) તે પણ એક સૂક્ષ્મ વનસ્પતિ છે જે ભીની જગ્યાએ ઊગે છે અને પગ લપસી જાય તેવી હોય છે

(C) તે આકાશમાંથી પડે છે

(D) તે માત્ર નદીમાં જ જોવા મળે છે

**૫૦. બગીચામાં પડેલા સૂકા પાંદડાને બાળી નાખવાને બદલે ખાડામાં દાટી દેવામાં આવે, તો તેનાથી કયો પર્યાવરણીય ફાયદો થાય?**

(A) કચરો સળગાવવાનો ધુમાડો અટકે છે અને કુદરતી જૈવિક ખાતર બને છે

(B) જમીન કડક થઈ જાય છે

(C) બગીચામાં પાણી વધી જાય છે

(D) નવા વૃક્ષો ઊગતા બંધ થઈ જાય છે

**૫૧. તળાવ કે નદીના પાણીને ઘરે પીવા માટે વાપરતા પહેલાં ઉકાળવું કે ફિલ્ટર કરવું કેમ જરૂરી છે?**

(A) તેનાથી પાણીનો રંગ બદલાઈ જાય છે

(B) અંદર રહેલા રોગજન્ય સૂક્ષ્મ જીવાણુઓ અને કચરો દૂર થાય છે

(C) પાણી ગરમ પીવાથી તરસ લાગતી નથી

(D) તેનાથી પાણીનું પ્રમાણ વધી જાય છે

**૫૨. વાદળમાંથી વરસાદ કેવી રીતે બને છે તેની સાચી ક્રમિક પ્રક્રિયા કઈ છે?**

(A) બાષ્પીભવન ઘનીભવન (વાદળ બંધાવું) વરસાદ

(B) વરસાદ બાષ્પીભવન  બરફ

(C) ઘનીભવન વાદળ  પવન

(D) ઝાકળ  વરાળ  વરસાદ

**૫૩. ગામડામાં ચોમાસા પછી પણ વિહારી ભાઈના કૂવામાં પાણી રહે છે, જ્યારે બાજુના ગામના કૂવા સુકાઈ જાય છે. આનું શક્ય કારણ શું હોઈ શકે?**

(A) વિહારી ભાઈના ખેતર નજીક વૃક્ષો વધુ છે અને બોરીબંધ/ચેકડેમ દ્વારા જળ સંચય થયેલો છે

(B) વિહારી ભાઈ કૂવામાંથી પાણી વાપરતા નથી

(C) તેમના કૂવામાં દરરોજ નવો નળ મુકવામાં આવે છે

(D) તેમના ગામમાં દરરોજ વરસાદ પડે છે

**૫૪. પ્લાસ્ટિકની બોટલમાં ભરેલું પીવાનું પાણી લાંબા સમય સુધી કડક તડકામાં રાખવામાં આવે, તો શું થાય?**

(A) પાણી વધુ શુદ્ધ અને પૌષ્ટિક બને છે

(B) પ્લાસ્ટિકના હાનિકારક રસાયણો પાણીમાં ભળવાથી તે પીવા અયોગ્ય બને છે

(C) પાણી બરફ બની જાય છે

(D) બોટલનો આકાર મોટો થાય છે

**૫૫. નાહવા માટે ફુવારા (Shower) નો ઉપયોગ કરવાના બદલે ડોલ અને ટમ્બલરનો ઉપયોગ કરવાથી કયો મોટો ફાયદો થાય?**

(A) નાહવામાં વધુ સમય લાગે છે

(B) પાણીનો બગાડ અટકે છે અને જરૂર મુજબ જ વપરાશ થાય છે

(C) સાબુ વધુ વપરાય છે

(D) શરીર સાફ થતું નથી

